**સુવિચાર**
માતા-પિતા સંતાનોના જન્મ-ઉછેર માટે જે દુઃખ સહન કરે છે તેનો સૈંકડો વર્ષે પણ બદલો વાળી શકાતો નથી.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૯/૨૦૨૩, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ-પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ શ્રાવણ વદ-૭ વર્ષ : ૧૫ અંક : ૨૨૪

## શરૂઆતમાં મોં માગ્યો વરસાદ પડતા ખેડૂતોએ હોંશે હોંશે વાવણી કર્યા બાદ

# અમરેલી જિલ્લામાં એક મહિનાથી વરસાદ ગાયબ થતાં ચિંતા

**વરસાદનાં અભાવથી ખેતી પાકોમાં અવનવા રોગોએ ઘર કરતાં ઉત્પાદન અર્ધો અર્ધ ઓછું થવાની ચિંતા થઈ**

**જે ખેડૂતોને પિયતની વ્યવસ્થા ન હોય તેનાં માટે અત્યાર સુધી કરેલ મહેનત પર પાણીઢોળ**

**જિલ્લાનાં દરેક ખેતર સુધી કેનાલ દ્વારા પાણી પહોંચાડવાની વ્યવસ્થા આઝાદીનાં ૭૬ વર્ષ બાદ પણ થઈ નથી**

**દેવાનાં બોજ નીચે દબાયેલ ખેડૂતોમાં સારા ઉપજની ઉભી થયેલ આશા પર પાણીઢોળ**

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લો એ કૃષિ પ્રધાન છે. જિલ્લાનું મોટા ભાગનું અર્થતંત્ર ખેતી આધારિત પ્રત્યક્ષ કે પરોક્ષ જોવા મળેલ હોય. તેવા સમયે અમરેલી જિલ્લામાં છેલ્લા એક મહિનાથી વરસાદ ન પડતા અને મોટા ભાગનાં ખેડૂતોને પિયતની વ્યવસ્થા નથી, કેનાલ ધ્વારા પાણી પહોંચાડાતું ન હોય તેવા ખેડૂતોમાં ચિંતાનો માહોલ ઉભો થયો છે.

અમરેલી જિલ્લામાં જુન–જુલાઈમાં મોં માંગ્યો વરસાદ પડતાં તમામ ખેડૂતોએ હોંશે હોંશે વાવણીકાર્ય કર્યુ અને બાદમાં જરૂરી સમયે જ વરસાદ ન પડતા ખેડૂતો ચિંતામાં મુકાયા.

વરસાદનાં અભાવે થોડો–ઘણો તૈયાર થયેલ પાકમાં અવનવા રોગોએ ઘેરો ઘાલતાં મોટાભાગનો પાક નિષ્ફળ જવાની ચિંતા ઉભી થઈ છે. જિલ્લામાં મોટાભાગનાં ખેડૂતો પાસે ૫ થી ૧૫ વિઘા જેટલી જમીન હોય, દેવાનાં બોજ નીચે દબાયેલ ખેડૂતોમાં અગાઉ સારો વરસાદ પડતાં સારા ઉત્પાદનની આશા ઉભી થઈ હતી. સારા ઉત્પાદનથી સારી એવી આવક થશે, જેમાંથી દેવું ઓછું થશે, સામાજિક પ્રસંગો કે બાળકોનાં શિક્ષણની વ્યવસ્થા થશે તેવી અનેક આશાઓ પર પાણી ઢોળ થતું હોય તેવું લાગી રહ્યું છે. બીજી તરફ વરસાદ ન પડતાં જિલ્લાનાં વેપારીઓમાં પણ આગામી તહેવારોમાં ઘરાકી ઓછી નીકળવાની ચિંતા ઉભી થઈ છે. એકંદરે વરસાદનાં અભાવે ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

### સાવરકુંડલા રેન્જમાં આવેલ

## મીતીયાળા ગામે કુવામાં પડી ગયેલા દીપડાને રેસ્કયુ કરી બચાવી લેતું વન તંત્ર

**દીપડાને જસાધાર એનીમલ કેર સેન્ટર ખાતે ખસેડાયો**



અમરેલી, તા. ૫

સાવરકુંડલા રેન્જના મીતીયાળા ગામે આવેલ એક ખેડૂતના ૭૫ ફૂટ ઊંડા કૂવામાં દીપડો ખાબકતા વન વિભાગ દ્વારા આ દીપડાનું રેસ્કયુ

અનુસંધાન પાના ૬ ઉપર

### બગસરા નજીક આવેલ

## સુડાવડ ગામે રહેતી તરૂણીએ અગમ્ય કારણોસર ઝેરી પાઉડર પી લેતા મોત

**બનાવ અંગે સ્થાનિક પોલીસે કાર્યવાહી કરી**

અમરેલી, તા. ૫, બગસરા તાલુકાનાં સુડાવડ ગામે રહેતી એક ૧૭ વર્ષિય રચનાબેન અશ્વિનભાઈ મકવાણા નામની તરૂણીએ ગત તા. ૩ નાં રોજ બપોરનાં સમયે કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર પી લેતા તેણીનું મોત નિપજયાનું બગસરા પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

**અમરેલી એક્સપ્રેસ**

**જન્માષ્ટમી પર્વ નિમિત્તે અંક બંધ**

''અમરેલી એક્સપ્રેસ'' કાર્યાલય જન્માષ્ટમી પર્વને લઇને બુધવાર, ગુરૂવાર, શુક્રવાર, શનિવારે બંધ રહેશે. જેથી હવે, પછી આગામી મંગળવારને ૧૨ સપ્ટેમ્બરનાં રોજ અંક પ્રસિદ્ધ થશે. જેની સર્વોએ નોંધ લેવા વિનંતી.

તંત્રી
અમરેલી એક્સપ્રેસ

**હાર્દિક નિમંત્રણ**

**પ્રતિષ્ઠા મહોત્સવનાં પાવન પ્રસંગો**
પ્રારંભ : શ્રાવણ વદ-૧૦ શનિવાર
તા. ૯-૯-૨૦૨૩,
સમય : સવારે ૯:૦૦ કલાકે
(નગરયાત્રા, કળશયાત્રા, પૂજન તથા દેવોને ધાન્યાધીવાસ, આરતી)
(રાત્રે : રાસગરબા)

**યજ્ઞ પ્રારંભ :**
શ્રાવણ વદ-૧૧ રવિવાર
તા. ૧૦-૯-૨૦૨૩,
સમય : સવારે ૮:૦૦ કલાકે
૨૪ કુંડી યજ્ઞ તથા દેવોને પુષ્પાવાસ (રાત્રે : દીપયજ્ઞ)

**પ્રાણ પ્રતિષ્ઠા**
શ્રાવણ વદ-૧૨ સોમવાર, તા. ૧૧-૯-૨૦૨૩,
સમય : સવારે ૮:૦૦ કલાકે (પ્રાણપ્રતિષ્ઠા, ઉદ્‌બોધન, ધ્વજારોહણ, આરતી)

મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ
**શ્રી દક્ષેશ્વર મહાદેવ મંદિર**
પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ એવમ્
**૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ**
તા. ૯/૧૦/૧૧ સપ્ટેમ્બર - ૨૦૨૩

પરમ પૂજ્ય ગુરૂદેવ તથા વંદનિય માતાજીના સુક્ષ્મ ઉપસ્થિતિમાં તથા શ્રદ્ધેય જીજી તથા ડૉ. પ્રણવ પંડયાજીના આશિર્વાદથી ગાયત્રી શકિતપીઠ અમરેલીમાં **શ્રી દક્ષેશ્વર મહાદેવ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ એવમ્ ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ** નું આયોજન સંવત ૨૦૭૯ ના શ્રાવણ વદ-૧૨ ને સોમવાર, **તા. ૧૧-૦૯-૨૦૨૩** ના રોજ કરેલ છે તો આપને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

**સંતોના આશિર્વાદ**
શ્રી હરિહરાનંદ ભારતીજી મહારાજ
(આતંરાષ્ટ્રિય અધ્યક્ષશ્રી મહામંડલેશ્વર શ્રીશ્રી ૧૦૦૮ પૂજ્યપાદ)
(ભારતી આશ્રમ, જુનાગઢ)
પૂજ્ય મનજીબાપા
(બગદાણા ધામ આશ્રમ)
શાસ્ત્રી સ્વામી હરિચરણદાસજી
(ચિતલ સ્વા.ગુરૂકુળ)
પૂજ્ય વલકુબાપુ
(દાનેવધામ, ચલાલા)
સાધુચરિત સ્વામી
(કોઠારીશ્રી BAPS મંદિર, અમરેલી)
શાસ્ત્રી સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી
(કોઠારીશ્રી સ્વામિનારાયણ મંદિર, પાણી દરવાજા)

**વિશેષ ઉપસ્થિતિ**
આદરણીય ડો. ચિન્મય પંડયાજી વરદ હસ્તે પ્રતિષ્ઠા
(વા.ચાન્સલ દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય હરિદ્વાર ''શાંતિકુંજ'')
માન.શ્રી પરશોત્તમભાઈ રૂપાલા
(મા.કેન્દ્રીય મંત્રીશ્રી-ડેરી, પશુપાલન, મત્સ્યપાલન, ભારત સરકાર)
માન.શ્રી દિલીપભાઈ સંઘાણી
(ચેરમેનશ્રી IFFCO-NCUI, ગુજકોમાસોલ)
માન.શ્રી કુબેરભાઈ ડીંડોર
(માન.શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત સરકાર)
માન.શ્રી કુંવરજીભાઈ બાવળીયા
(અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)
માન.શ્રી કૌશિકભાઈ વેકરીયા
(મા.નાયબ મુખ્ય દંડકશ્રી ગુજરાત વિધાનસભા)
માન.શ્રી મહેશભાઈ જીવાણી
(સૌરાષ્ટ્ર પ્રાંત પ્રચારક, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ)
માન.શ્રી નારણભાઈ કાછડીયા (સાંસદશ્રી, અમરેલી)
માન.શ્રી પ્રશાંતભાઈ કોરાટ
(પ્રમુખશ્રી યુવા ભા.જ.પા. ગુજરાત પ્રદેશ)
શ્રી ડી.એન. ગોલ
(ઉપપ્રમુખશ્રી, ઉમિયાધામ, અમદાવાદ)

**અતિથિ વિશેષ**
શ્રી મહેશભાઈ કસવાલા
(ધારાસભ્યશ્રી, સા.કુંડલા-લીલીયા)
શ્રી જનકભાઈ તળાવીયા
(ધારાસભ્યશ્રી, લાઠી-બાબરા)
શ્રી હિરાભાઈ સોલંકી
(ધારાસભ્યશ્રી, રાજુલા-જાફરાબાદ)
શ્રી જે.વી. કાકડીયા
(ધારાસભ્યશ્રી, ધારી-બગસરા)
મા.શ્રી અશ્વિનભાઈ સાવલીયા
(ચેરમેન, અમર ડેરી)
મા.શ્રી જેન્તીભાઈ પાનસુરીયા
(ચેરમેન અમરેલી જી.ખ.વે.સં. લી.અમરેલી.)

**: આમંત્રિત મહેમાનશ્રીઓ :**
શ્રી રાજેશભાઈ કાબરીયા
(જિલ્લા ભાજપા પ્રમુખ, અમરેલી)
શ્રી રેખાબેન મોવલીયા
(પ્રમુખશ્રી જિ.પંચાયત અમરેલી)
શ્રી અભયસિંહ ચૌહાણ
(પ્રમુખશ્રી ભાજપા, ભાવનગર શહેર)
શ્રી મુકેશભાઈ સંઘાણી
(પ્રમુખશ્રી સારહી યુથ કલબ, અમરેલી)
શ્રી મનિષાબેન રામાણી
(પ્રમુખશ્રી નગરપાલિકા, અમરેલી)
શ્રી સુરેશભાઈ શેખવા
(ચેરમેનશ્રી કા.સમિતિ, ન.પા. અમરેલી.)
શ્રીસુરેશભાઈ પાથર
(સદસ્ય, જિ.પંચાયત, અમરેલી)
શ્રી જી.એમ. સોલંકી
(નાયબ જી.પ્રા.શિક્ષણાધિકારીશ્રી, અમરેલી)
શ્રી પ્રશાંતભાઈ મહેતા
(નાયબ નિયામક ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગર)
શ્રી સૌરભાઈ મકવાણા
(જી. કાર્યપાલક, રા.સ્વ.સંઘ, અમરેલી)

**શ્રી ગાયત્રી પરિવાર ટ્રસ્ટ**
શ્રી બાબુભાઈ રાજ્ય ગુરૂ (મે.ટ્રસ્ટી)
શ્રી મનિષભાઈ સંઘાણી
(ઉપપ્રમુખ, પ્રદેશ યુવા ભા.જ.પા.)
શ્રી હિરેનભાઈ ચાવડા
શ્રી નાનજીભાઈ પાથર
શ્રી હંસરાજભાઈ સાકરીયા
શ્રી ધીરૂભાઈ દેસાઈ
શ્રી નિમિષાબેન વાઢેર
શ્રી કમલેશભાઈ મહેતા

**: સ્થળ :**
શ્રી ગાયત્રી શક્તિ પીઠ
''દક્ષેશ્વર મહાદેવ''
ચિતલ રોડ, અમરેલી.
મો. ૯૬૮૭૦ ૪૪૭૬૭

**: નિમંત્રક :**
શ્રી હિરેનભાઈ ચાવડા
(પ્રદેશ કારોબારી સદસ્ય)
(I.T. ગુજરાત ભા.જ.પા.)
શ્રી દક્ષાબેન હિરેનભાઈ ચાવડા
શ્રી કીર્તીબેન અરવિંદકુમાર ત્રિવેદી
શ્રી વિમલભાઈ ડાયાભાઈ વાઢેર
મો. ૯૬૮૭૦ ૪૪૭૬૭

**સારહિ યુથ કલબ ઓફ અમરેલી**
દ્વારા આયોજીત
સ્પોન્સર્ડ બાય : મજેદાર મસાલા
25 ''સેવા વર્ષ'' ઉજવણી
''રજત જયંતિ''

**જન્માષ્ટમી લોકમેળો - ૨૦૨૩**

સારહિ યુથ કલબ ઓફ અમરેલી દ્વારા આયોજીત જન્માષ્ટમી ના પવિત્ર તહેવાર નિમિતે સેવાકીય પ્રવૃત્તિનાં લાભાર્થે શહેરની મધ્યમાં વિશાળ સુવિધાસભર લોકમેળાનું તારીખ : 03-0૯-૨૦૨૩ થી તા. 0૮-0૯-૨૦૨૩ સુધી આયોજન

**તારીખ ૭-૯-૨૦૨૩, ગુરૂવાર**
રાત્રિના ૯:૦૦ કલાકે બેસ્ટ કાના કોમ્પિટીશન
રાત્રિના ૧૨:૦૦ કલાકે કૃષ્ણ જન્મોત્સવ
રાત્રિના ૧૨:૧૦ કલાકે ભવ્ય આતશબાજી

આ કાર્યક્રમમાં અમરેલીની ધર્મપ્રેમી જનતાને પધારવા અમારૂ હાર્દિક નિમંત્રણ છે

**સ્થળ : ફોરવર્ડ હાઈસ્કૂલ ગ્રાઉન્ડ, અમરેલી.**

નિમંત્રક : મુકેશ સંઘાણી
પ્રમુખ : સારહિ યુથ કલબ ઓફ અમરેલી પરિવાર

નોંધ :- આ મેળા દરમ્યાન થતી આવક વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં વાપરવામાં આવે છે.

## એક વખત ચૂંટણી પૂર્ણ થશે અને પાંચ વર્ષ જનતાનું કોઈ સાંભળશે નહી

# ''વન નેશન વન ઈલેકશન'' જનતા જનાર્દન માટે ચિંતાજનક

**દર વર્ષે કોઈને કોઈ રાજય કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી થતી હોવાથી જનતાની ચિંતા સરકારો કરે છે**

**વન નેશન વન ઈલેકશનમાં તો પાંચ વર્ષ સુધી કોઈ ચૂંટણી થવાની ન હોય તો સરકાર બેફામ બની જાય**

**કોઈપણ પક્ષની સરકાર બને તો પાંચ વર્ષે જો ચૂંટણી એક સમયે થાય તો જનતાનું સાંભળશે કોણ ?**

**ચૂંટણી માટેનાં છેલ્લા સમયમાં થોડો સમય રાહત જનતાને મળશે બાદ તું કોણ ને હું કોણ**

અમરેલી, તા. ૫

દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશમાં ''વન નેશન વન ઈલેકશન'' માટે એક સમિતિની રચના જાહેર કરી હોય ત્યારે ''વન નેશન વન ઈલેકશન'' દેશવાસીઓ માટે ફાયદારૂપ છે કે નુકસાનકારક છે તેની નવી ચર્ચા શરૂ થઈ છે.

અમુક જાણકારો જણાવી રહ્યા છે કે ભારત દેશની વિશાળ જનસંખ્યા અને તેમાં પણ કરોડોની સંખ્યા ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોમાંથી આવે છે. દેશમાં મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચાર ચરમસીમાએ છે. જનતાને બે ટંકનું ભોજન મેળવવું મુશ્કેલ છે.

તેવા સમયે દેશનાં ૩૦ જેટલા રાજયોની વિધાનસભા કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી દર વર્ષે અલગ–અલગ યોજાતી હોવાથી શાસકોને જનતાની વચ્ચે હાથ જોડીને મત માંગવા જવું પડતું હોવાથી જનતાને મફત અનાજ, ખેડૂતોને દર મહિને ૫૦૦ રૂપિયા જેવી અનેક કલ્યાણકારી યોજના મને કમને ચલાવી પડી રહી છે. જેનાથી જનતાને દર વર્ષે કોઈને કોઈ કલ્યાણકારી યોજનાનો લાભ મળતો રહે છે.

હવે જો દર પાંચ વર્ષે લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાની ચૂંટણી યોજાઈ તો બાદમાં કોઈ સ્થળોએ કોઈ ચૂંટણી ન થાય તો જે–તે કેન્દ્ર કે રાજય સરકારને પાંચ વર્ષ સુધી જનતાની વચ્ચે મત માંગવા જવાનું ન થાય એટલે મતદાન પૂર્ણ થાય અને જયારે પૂનઃ એટલે કે સાડા ચાર વર્ષ બાદ ચૂંટણી નજીક આવે ત્યારે જનતાને કોઈ કલ્યાણકારી યોજનાનો લાભ મળે અને સાડા ચાર વર્ષ સુધી જનતાની કોઈ સરકાર ચિંતા ન કરે.

વર્તમાન સમયમાં આપણે જાણીએ છીએ કે એક વખત સરકાર બન્યા પછી શાસકો મનફાવે તેવા નિર્ણયો કરતી હોય છે. જનતા બિચારી બનીને તમાશો જોયા કરે છે. ચૂંટણીમાં આપેલ વચનો ભૂલી જવાતા હોય છે. મોંઘવારી, બેરોજગારી કે ભ્રષ્ટાચાર વધતો હોય જનતાને એકવાર મત આપીને પાંચ વર્ષનાં લાંબા સમય સુધી નિસાસા અને આજીજીમાંથી પાસર થવું પડે તેવી સ્થિતિ વન નેશન વન ઈલેકશનથી સંભવ છે. કારણ કે રાજકીય આગેવાનો ઈલેકશન સિવાય કોઈથી ડરતી નથી.

જનતાએ રાહત મેળવવી હોય તો એક વર્ષે સ્થાનિક સ્વરાજયની સંસ્થા, બીજા વર્ષે વિધાનસભા અને ત્રીજા વર્ષે લોકસભાની ચૂંટણીનો આગ્રહ રાખવો જોઈએ અને દર ત્રણ વર્ષે ચૂંટણી યોજાઈ તો ભલે ચૂંટણી ખર્ચ થાય પરંતુ તેનાથી બજારમાં પણ રૂપિયો ફરતો રહે અને તમામ પક્ષ જનતાથી ડરતા જ રહે. એટલે ભ્રષ્ટાચાર, ગરીબી, મોંઘવારી અને બેરોજગારી ઘટાડવા તમામ સરકાર મજબુર બને અને જનતાને ચોકકસ રાહત મળે.

---

### ચલાલામાં સ્ટ્રીટ લાઈટનાં અજવાળે

## જાહેરમાં જુગાર રમતા સાત ઈસમોને પકડી પાડતી ચલાલા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ

**રોકડ રકમ રૂા. ૧૯૧૭૦ મત્તા કબ્જે લઈ કરી કાર્યવાહી**

અમરેલી, તા. ૫

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જીલ્લામાં દારૂ/જુગારની બદી દૂર કરવા જરૂરી સુચના આપેલ હોય જે અન્વયે ચલાલા પોલીસ સ્ટેશનનાં પોલીસ સબ.ઈન્સ. પી.ડી.ગોહીલની સુચનાથી ચલાલા સર્વેલન્સ પોલીસ ટીમ દ્વારા ચલાલા ટાઉન વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ દરમ્યાન ચલાલા ધારી રોડ રેલ્વે ફાટક પાસે જાહેરમાં જુગાર રમતા ગોલણભાઈ ભીખાભાઈ બારૈયા, રતીભાઈ ભીખાભાઈ બારૈયા, ભરતભાઈ ગોલણભાઈ બારૈયા, અમીતભાઈ વિજયભાઈ સોલંકી, પ્રકાશભાઈ અમરશીભાઈ સોલંકી, ચિરાગભાઈ



રતિભાઈ બારૈયા તમામ રહે. ચલાલા તા. ધારી સહિત કુલ સાત ઈસમોને રોકડ રકમ કુલ રૂા.૧૯૧૭૦ નાં મુદ્દામાલ સાથે પકડી પાડી ચલાલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

---

### સાવરકુંડલા ખાતે

## નાવલી નદી ઉપર ૨૫ કરોડનાં ખર્ચે રીવરફ્રન્ટ મંજુર થતાં ખાસ ટીમ દ્વારા સર્વેની કામગીરી કરાઈ

**ચાર કિ.મી. સુધીમાં ગંદકી દૂર કરી વિકાસ કરાશે**



સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા શહેરમાં નાવલી નદી ઉપર ૨૫ કરોડના ખર્ચે રિવરફ્રન્ટ મંજુર થતા જેની કામગીરી અને સર્વેના ભાગરૂપે આજે અમદાવાદથી એક ખાસ ટીમ સર્વે કરવા સાવરકુંડલા નાવલી નદીના મુખ્ય પોઈન્ટ ઉપર તપાસ કરી હતી. અમદાવાદથી આવેલી સર્વે ટીમના અગ્રણી પી.એમ. શાહ અને તેમની સાથે આવેલા અધિકારીઓ તેમજ સાવરકુંડલા પાલિકાના ચીફ ઓફિસર હસમુખ બોરડ અને પાલિકાની ટીમ દ્વારા કેવડાપરાથી શરૂ થઈ જનતા બાગ સામે મુખ્ય નાવલી પોલીસ ચોકી સામે તેમજ ગુપ્ત ખોડીયાર સુધીનો વિસ્તારનો સર્વે કરવામાં આવ્યો હતો. ચાર કિલોમીટરનાં આ સર્વેની અંદર ખાસ અહેવાલ તૈયાર કરવામાં આવશે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના પ્રયાસથી રૂપિયા ૨૫ કરોડને ખર્ચે સાવરકુંડલા શહેરનું અદ્‌ભૂત નજરાણું મંજૂર કરાવતા શહેરીજનોમાં પણ એક પ્રકારનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ ચાર કિલોમીટર વિસ્તારમાં નાવલી નદીમાંથી ગંદકી દૂર થશે. કેટલાક વિસ્તારમાં બંને સાઈડ અને કેટલાક વિસ્તારમાં એક સાઈડમાં શહેરીજનો માટે બેસવાની વ્યવસ્થા તેમજ વોકિંગ રોડ પર બનાવવામાં આવશે અને સાવરકુંડલા શહેરમાં અત્યાર સુધીમાં ન કરવામાં આવેલું આ મહત્વના વિકાસનું કામ મહેશભાઈ કસવાલા દ્વારા કરવામાં આવતા લોકો અભિનંદન પણ આપી રહ્યા છે.

---

### લાઠી નજીક આવેલ

## ચાવંડ ગામે જેસીબીથી થતું ખોદકામ અટકાવતાં કુહાડી વડે હુમલો કરાયો

**માથાના ભાગે, પીઠનાં ભાગે ઈજાઓ થતાં સારવારમાં**

અમરેલી, તા. ૫

લાઠી તાલુકાનાં ચાવંડ ગામે રહેતા ગોબરભાઈ નારણભાઈ ભુવાનાં મોટાબાપુનાં દીકરા લાલાભાઈ હીરાભાઈ ભુવાએ તેજ ગામે રહેતા ગોરખભાઈ હાદાભાઈ ડેરને જેસીબીથી ખોદકામ કરતાં હોય તે બંધ કરાવતા તે વાતનું દુઃખ રાખી આરોપી ગોરખભાઈ ડેર ધ્વારા લાલાભાઈ ભુવા ઉપર કુહાડીનો ઘા મારી માથાના તથા પીઠનાં ભાગે ઈજા કર્યાની ફરિયાદ લાઠી પોલીસમાં નોંધાઈ છે.

---

## પ્રસિદ્ધ સાહિત્યકાર મયુર દવેને મેઘાણી એવોર્ડ એનાયત કરતા પરશોત્તમ રૂપાલા



બગસરા, તા. ૫

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીજીની ૧૨૭ મી જન્મજયંતિ નિમીતે દર વર્ષની જેમ અપાતા મેઘાણી સાહીત્ય એવોર્ડ આ વર્ષે જુનાગઢનાં પ્રસિધ્ધ સાહિત્યકાર મયુર દવેને વડોદરા મુકામે શિવાગૃપ દ્વારા ભારત સરકારનાં કેબીનેટ મંત્રી પરશોતમ રૂપાલાનાં વરદ હસ્તે એનાયત કરવામાં આવેલ આ વેળાએ વિદ્યાનસભાનાં મુખ્ય દંડક બાલકૃષ્ણભાઈ શુકલ, ધારાસભ્ય યોગેશભાઈ પટેલ, કેયુરભાઈ રોકડીયા, અક્ષયભાઈ પટેલ, જે.વી.કાકડીયા સહિતનાં ધારાસભ્યો સામાજીક આગેવાનો સાહિત્યરસિક સહિતનાં લોકોની ઉપસ્થિતીમાં આ એવોર્ડ એનાયત કરાયેલ.

---

### રાજુલા તાલુકાનાં ચાંચ ગામે

## જાહેરમાં જુગાર રમતા બે ઈસમોને ઝડપી લેતી મરીન પીપાવાવ પોલીસ

**રોકડ રકમ રૂા. ૧૩૦૩૦નો મુદ્દામાલ કબ્જે લીધો**

અમરેલી, તા. ૫

સાવરકુંડલા વિભાગ સાવરકુંડલા નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરાએ આપેલ માર્ગદર્શનનાં આધારે મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ સબ. ઈન્સ. એ.આર. છોવાળા તથા મરીન પીપાવાવ પોલીસ સ્ટાફ દ્વારા ચોક્કસ બાતમી આધારે રાજુલા તાલુકાના ચાંચ ગામે જાહેરમાં જુગાર રમતા રમેશભાઈ માવજીભાઈ ધુંધળવા તથા કાનજીભાઈ ભરતભાઈ ગુજરીયા રહે. બંને ચાંચ (તા.રાજુલા) વાળા બે ઈસમોને રોકડા રૂા.૧૩,૦૩૦ નાં મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.



---

### બાબરા નજીક આવેલ

## કોટડાપીઠા શાળાઓમાં શિક્ષક દિનની ઉજવાયો

**બાલવાટીકાથી લઈ ધો. ૮ સુધીનાં બાળકોએ શિક્ષકની ભૂમિકા ભજવી**

બાબરા, તા. ૫

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે ૫ મી સપ્ટેમ્બર એટલે રાષ્ટ્રીય શિક્ષક દિન ભુતપુર્વ રાષ્ટ્રપતિ અને મહાન કેળવણીકાર સ્વ. ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં તેમનો જન્મ દિવસ શિક્ષક દિન તરીકે ઉજવાય છે.

જેમા કોટડાપીઠા કન્યાને સેન્ટર શાળા તેમજ પ્લોટ પ્રા.શાળા, અને કોટડાપીઠા માધ્યમીક શાળામાં શિક્ષકદિનની ઉજવણી જેમાં વિદ્યાર્થીઓ પ્રાર્થના સહીત વિધાર્થીઓ શિક્ષક બન્યા હતા. અને અભ્યાસ કરાવેલ હતો. ધોરણ બાળ વાટીકાથી ધોરણ – ૮ સુધીનાં બાળ કોએ શિક્ષકની આદર્શ ભૂમીકા ભજવી ને સ્વ. રાધાકૃષ્ણનના જન્મ દિવસ ઉજવવામાં આવ્યો. કન્યાને સેન્ટર શાળાનાં આચાર્ય અજયભાઈ કુદુદડ દ્વારા પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. પ્લોટ




શાળાનાં આચાર્ય જગદીશભાઈ કાલડીયા તેમજ ત્રણેય શાળાનાં શિક્ષકો દ્વારા યોગ્ય માર્ગદર્શન આપી કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

---

### અમરેલી શહેરની મધ્યમાં આવેલ

## ઐતિહાસિક ટાવરનું રીનોવેશન કરી ઘડીયાળ શરૂ કરવા માંગ કરાઈ

**કોંગી સદસ્યાએ પત્ર પાઠવી કરી રજુઆત**

અમરેલી, તા. ૫

પાલીકામાં છેલ્લા અઢી વર્ષનાં સાશન કાળ દરમ્યાન મહારાજા ગાયકવાડનાં સમયોન અદભૂત સ્થાપત્યનાં નમુનારૂપ આ ટાવર હોય પણ તેની ગરીમાં અમરેલી ભાજપ સાશીત અમરેલી નગરપાલિકા દ્વારા કે પ્રસાશન દ્વારા સાચવવામાં આવેલ નથી. અમરેલી શહેરનાં મધ્યમાં ઉભો આ ટાવર અમરેલી શહેરની ઓળખ બન્યો છે. દ્વારા છેલ્લા અઢી વર્ષનાં સાશનકાળ દરમ્યાન અમરેલી શહેરનાં હૃદય સમાન ગણાતા ટાવરનું રીનોવેશન તથા ઘડીયાળ શરૂ કરી શકયા નથી તે ખુબ જ દુઃખની બાબત હોય જેથી આ ટાવરનું ખાસ રીનોવેશન કરી તથા ઘડીયાળ શરૂ કરવા કોંગી સદસ્યો સેંજલબેન સોલંકીએ કરી છે.

---

### રાજુલા તાલુકાનાં વડલી ગામે

## જાહેરમાં જુગાર રમતા આઠ પત્તા પ્રેમીઓને ઝડપી પાડતી રાજુલા પોલીસ ટીમ

**રોકડ રકમ રૂા. ૧૦૨૪૦ની મત્તા કબ્જે લેવાઈ**

અમરેલી, તા. ૫

રાજુલા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સપેકટર સી.એસ. કુગસિયાની સુચના અને માર્ગદર્શન હેઠળ રાજુલા પોલીસ ટીમે, રાજુલા પોલીસ સ્ટેશનના વડલી ગામે, યાદવ ચોકમાં વેલાભાઈ ગોવિંદભાઈ બલદાણીયાની ડેલી પાસે બજારમાં જાહેરમા સ્ટ્રીટ લાઈટના અંજવાળે હારજીતનો જુગાર રમતા દાદભાઈ રામકુભાઈ ધાખડા રહે.વડલી, (તા.રાજુલા) વાળા સહિત આઠ પત્તા પ્રેમીઓને રોકડ રૂપિયા ૧૦,૨૪૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી પકડાયેલ પત્તાપ્રેમીઓ પર રાજુલા પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી કરેલ છે.

# અમરેલી, સાવરકુંડલા, બગસરા, દામનગર, બાબરા સહિતની

# પાલિકા પ્રમુખની મલાઈદાર ખુરશી પર બેસવા મહત્વાકાંક્ષીઓનાં ધમપછાડા

**આગામી ૧૦ દિવસમાં આવતા અઢી વર્ષ માટે પ્રમુખ, ઉપપ્રમુખ બનવા માટે ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરાઈ**

**અમરેલી, સાવરકુંડલા અને બગસરા એ મધ્યમ કક્ષાનાં શહેરો હોય પાલિકા પ્રમુખને જબ્બરો ફાયદો મળી શકે**

**રાજય અને કેન્દ્ર સરકારની દર વર્ષે કરોડો રૂપિયાની વિકાસ ગ્રાન્ટ આવતી હોય સારી એવી મલાઈ મળે**

**જો કે નિષ્ઠાવાન નગરસેવકને પ્રમુખપદનો તાજ મળે તો જ જનતાનાં પરસેવાનાં પૈસાનો સદ્ઉપયોગ સંભવ બને**

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લાની પાંચ નગરપાલિકા જેમાં અમરેલી, સાવરકુંડલા, બગસરા, બાબરા અને દામનગર પાલિકાની સામાન્ય ચૂંટણીનાં અઢી વર્ષ પૂર્ણ થયા હોય બાકીનાં અઢી વર્ષ માટે પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી આગામી ૧૪-૧૫ સપ્ટેમ્બરનાં રોજ થવાની હોય સત્તાધારી પક્ષ ધ્વારા સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે.

અમરેલી જિલ્લામાં કુલ ૯ નગરપાલિકાઓ અસ્તિત્વમાં છે. જેમાં ચલાલા, લાઠી, રાજુલા અને જાફરાબાદમાં વહીવટદારનું શાસન હોવાથી બાકીની પાંચ પાલિકાનાં પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી નગરસેવકો ધ્વારા થશે.

પાલિકા પ્રમુખનો તાજ એટલે શહેરનાં પ્રથમ નાગરિક બનવાની તક અને રાજય અને કેન્દ્ર સરકારની કરોડો રૂપિયાની ગ્રાન્ટ અઢી વર્ષમાં આવતી હોય વિકાસ કાર્યો કરવાની ઉમદા તકની સાથે સ્વવિકાસ કરવાનો પણ લાભ મળતો હોય છે.

અમરેલી, સાવરકુંડલા, બગસરા, બાબરા અને દામનગર પાલિકાનાં પ્રમુખ-ઉપપ્રમુખ બનવા માટે ભાજપનાં નગરસેવકોએ એડીચોટીનું જોર લગાવેલ છે. સ્થાનિકથી લઈને પ્રદેશ કક્ષાનાં નેતાનાં આશીર્વાદ મેળવવા માટે નગરસેવક અને તેમના શુભેચ્છકો ભારે દોડધામ કરતાં જોવા મળી રહ્યાં છે.

જો કે પાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખ માટે તે વિસ્તારનાં ધારાસભ્ય, શહેર ભાજપ પ્રમુખ, સાંસદ, પૂર્વ સાંસદ, પૂર્ણ ધારાસભ્યનું પણ સુચન ધ્યાને લેવાતું હોય તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ અને મહામંત્રીનાં આશીર્વાદ હોવા જરૂરી હોવાથી નગરસેવકો અનેક આગેવાનોનો સંપર્ક કરતાં જોવા મળી રહ્યા છે.

પાલિકા પ્રમુખ-ઉપપ્રમુખની મલાઈદાર ખુરશી પર બેસવા માટે અમુક મહત્વાકાંક્ષી નગરસેવકો અન્ય નગરસેવકોને પણ સાચવવા લાગ્યા છે અને થોડો ઘણો આર્થિક ખર્ચ કરવા તૈયાર થયા છે. કારણ કે થોડું રોકાણ કરીને અઢી વર્ષમાં વધારે વળતર મળવાનું હોય તે પણ નકકી હોય છે.

હવે જોવાનું એ રહે છે કે શહેરનાં દીર્ઘદ્રષ્ટા જેની પાસે શહેરની દરેક સમસ્યાનું નિરાકરણ કરવાનું વિઝન હોય, પ્રમાણિક, નિષ્ઠાવાન હોય તેવા નગરસેવકની પસંદગી થાય છે કે મોટા ગજાનાં નેતાનાં આશીર્વાદ હોય, સારા કરતાં મારા હોય તે કહેવત મુજબની પસંદગી થાય છે કે કેમ થોડા દિવસો રાહ જોયા બાદ દૂધનું દૂધ ને પાણીનું પાણી થશે.

### સાવરકુંડલા પંથકમાં

## જન્માષ્ટમીનાં તહેવારમાં મિઠાઈ-ફરસાણ રાહત ભાવે મળે તેવી વ્યવસ્થા કરો

**ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા મામલતદારને રજૂઆત**

સાવરકુંડલા, તા. ૫

હમણાં જન્માષ્ટમીનું પર્વ નજીક હોય ગરીબ અને મધ્યમ વર્ગનાં લોકો આ પર્વ ખૂબ હોંશે હોંશે ઉજવી શકે તે માટે પણ સાવરકુંડલા શહેરમાં વેંચાતા મીઠાઈ અને ફરસાણમાં રાહત ભાવે લોકોને મીઠાઈ ફરસાણ મળી રહે તે માટે પુરવઠા વિભાગે ફરસાણ તથા મીઠાઈ વેંચતા તમામ દુકાનદારોની એક ઈમરજન્સી મિટિંગ બોલાવી. આ પર્વ પૂરતું લોકોને વ્યાજબી ભાવે મીઠાઈ ફરસાણ મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. તેવું આમ જનતા ઈચ્છે છે. આ સંદર્ભે સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા તાલુકા મામલતદારને જાહેર વિનંતી કરવામાં આવે છે કે આ સંદર્ભે યોગ્ય કરે. આ કાળઝાળ મોંઘવારીનાં યુગમાં યોગ્ય ભાવ નિયંત્રણ હોય તો આમ જનતા પણ આ તહેવાર સુખ શાંતિથી ઉજવી શકે, વળી રાજકોટની ગોપાલ નમકીન વાળા જો સાવરકુંડલામાં બેઠા બેઠા ૭૦ રૂપિયામાં ૫૦૦ ગ્રામ એલ્યુમિનિયમ ફોઈલ વાળી બેગમાં એર ટાઈટ કરીને આપતા હોય ત્યારે સાવરકુંડલાનાં આપણા જ વેપારી ભાઈઓ ગ્રાહકો પાસેથી ખૂબ જ ઉઘાડી લૂંટ ચલાવતા હોય એવા સંજોગોમાં મામલતદારે તોલમાં અધિકારી તથા ફૂડ ઈન્સ્પેકટરને હાજર રાખીને ફરસાણનાં ભાવ બાંધણા માટે તાત્કાલિક મિટિંગ બોલાવી જોઈએ. એમ સાવરકુંડલા ગ્રાહક સુરક્ષા મંડળનાં પ્રમુખ રમેશભાઈ હીરાણી દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

### ડો. હેડગેવાર સેવા સમિતિ દ્વારા

## સાવરકુંડલા ખાતે અખંડ ભારત કબડ્ડી સ્પર્ધાનું આયોજન સંપન્ન : ૧૧ ટીમોએ ભાગ લીધો

**કાણકીયા કોલેજની ટીમ-એ નો વિજય થયો**



સાવરકુંડલા, તા. ૫

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણની જન્મજયંતી નિમિત્તે શ્રીમતિ વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ સાવરકુંડલામાં શિક્ષકદિન ઉજવાયો હતો. તેમાં કુલ ૩૩ બહેનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો. પ્રિન્સિપાલ તરીકે અકસા ઝાખરા અને વાઈસ પ્રિન્સિપાલ તરીકે ક્રિષ્ના વાળા રહ્યા હતા. પ્રિન્સિપાલ ચાવડાએ સૌનેઅભિનંદન પાઠવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. કે.બી. પટેલ અને ડો. કે. પી. વાળાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફ પરિવાર તેમજ પ્રિન્સિપાલ ચાવડાએ જહેમત ઉઠાવી હતી.

### બાબરામાં મામલતદારની ખાલી પડેલી જગ્યા પર

## ચિંતન વૈષ્ણવ જેવા અધિકારીની નિમણૂંક કરો : બાબરા તાલુકાની જનતાએ કરી માંગ

**સરકારી ભરતી માટે ઉમેદવારોને સફળ બનાવવા પણ માર્ગદર્શન આપતા હતા**



બાબરા, તા. ૫

બાબરા માં ઘણાં વર્ષ પહેલાં મામતદાર તરીકે રહી ચૂકેલા ચિંતન વૈષ્ણવે બાબરા અને તાલુકાની પ્રજાનાં નાના-મોટા કામો કરીને સારી એવી નામના મેળવી હતી.

બાબરા મામલતદાર કચેરીમાં અરજદારોને સાવ સહેલાયથી અને પારદર્શક પૂર્વક કામ કરીને અરજદારોનાં માનીતા બની ચૂકયા હતા મામતદાર તેમજ સરકાર તરફથી જે નવી નવી યોજનાઓ આવે એના કાર્યક્રમો પણ લોકોનાં મગજમાં બેસે એવા સારા કામો કરીને પણ જાણીતા થયાં હતા.

બાબરા તેમજ તાલુકાના ગામના લોકો ચિંતન વૈષ્ણવ જેવા અધિકારી બાબરામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

શહેરમાં તેમજ પાંચાળ વિસ્તારના અમુક લોકો કચેરી ખાતે કામ સબબ આવતા હોય અને એ લોકોને કચેરીમાં કામ બાબતની કોઈ ખબર નાં પડતી હોય ત્યારે મામતદાર ચિંતન વૈષ્ણવ દ્વારા પોતાની ચેમ્બર બાર મોટા બેનરો લગાવી જાહેરાત કરેલ કે મામતદારને કોઈ પણ કચેરીનું કામકાજ હોય તો વીના સંકોચે સીધાં ચેમ્બરમાં મળી શકસો. મામતદારે લગાડેલ આ બેનરથી લોકો ખુશ થયાં હતાં અને લોકોમાં એક વાતની ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી કે આટલા વરસો વીતી ગયા અમે કચેરી ખાતે કામ સબબ આવતા પણ કોઈ દિવસ કોઈ મોટા સાહેબ બેસે એ ઓફીસમાં નહોતા ગયા અને આ ચિંતન વૈષ્ણવ અમને સીધા પોતાની ઓફીસમાં બોલાવી, બેસાડીને અમારૂં કામ તાત્કાલિક કરી આપે છે.

આવી રીતે આ મામલતદાર બાબરા તેમજ તાલુકાના ગામોમાં પ્રચલિત બની ગયા હતા અને લોકોનાં દિલ જીતી લીધાં હતાં.

ચિંતન વૈષ્ણવ બાબરામાં ફરજ પર હતાં ત્યારે અનેક સારા કામો કર્યા તો યુવાનોને જે પણ ગવર્મેન્ટ નોકરીની ભરતીઓ આવે એમાં યુવાનોને સાવ નિઃસ્વાર્થ ભાવે પોતાની ફરજમાંથી ટાઈમ નીકાળીને યુવાનોને ભરતી બાબતનાં સેમિનાર કરી યુવાનોને નોલેજ આપતાં.

બાબરા અને તાલુકાના અનેક યુવાનો આજે જૂદી જૂદી સરકારી નોકરી મેળવીને જૂદી જૂદી પોસ્ટ પર નોકરી કરી રહ્યા છે અને યુવાનો પણ આજ દિન સુધી મામતદાર ચિંતન વૈષ્ણવનાં ગુણ ગાન ગાતાં રહે છે. એટલાં માટે બાબરા અને તાલુકાની જનતા આવાં સારા અધિકારીને પાછા બાબરામાં મુકવામાં આવે એવી સરકારને વિનંતી કરી રહ્યા છે.

### આગામી તા. ૨૭નાં રોજ

## બાબરા તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૫

સપ્ટેમ્બર-૨૦૨૩નો બાબરા તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ને બુધવારના રોજ બાબરા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાનાં પ્રશ્નો અને ફરિયાદો મોડામાં મોડા તા. ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં બાબરા તાલુકા મામલતદાર કચેરી ખાતે મળી જાય તે રીતે પહોંચતા કરવા. સામુહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો રજૂ કરવાનાં રહેશે. અરજીનાં મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' અવશ્ય લખવું. ગ્રામ સ્વાગતનાં પ્રશ્નો સંબંધિત ગ્રામ પંચાયત કચેરીથી કોમ્પ્યુટરમાં ઓનલાઈન દાખલ કરી હાર્ડકોપી તાલુકા પંચાયત કચેરી, બાબરા ખાતે રજૂ કરવી. તેમ બાબરા તાલુકા મામલતદારની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ટમ્બલર ▪સોપ હોલ્ડર ▪બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

શ્રાવણ માસ નિમિતે ફરાળી વાનગીઓ
શીંગપાક ટોપરાપાક ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ।મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫

''શ્રી વલ્લભ'' Navnit
MARUTI SUZUKI ARENA
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...


ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999




HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ


ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

### એશિયા કપની નેપાળ સામેની મેચમાં ભારતનો દસ વિકેટે વિજય

# એશિયા કપમાં ૧૦ સપ્ટેમ્બરે ભારત-પાકિસ્તાનની ફરી ટક્કર

પલ્લેકેલે, તા.૫

પાકિસ્તાન- શ્રીલંકામાં રમાઈ રહેલા એશિયા કપ ૨૦૨૩ની તેની બીજી મેચમાં ભારતે નેપાળને એકતરફી હરાવીને સુપર-૪માં પ્રવેશ કર્યો છે. વરસાદના કારણે ઘણી વખત મેચ રોકવી પડી હતી. પાકિસ્તાન સામેની પ્રથમ મેચમાં ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લેનાર કેપ્ટન રોહિત શર્માએ આ વખતે પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. પરંતુ ભારત સામે પ્રથમ વખત આંતરરાષ્ટ્રીય મેચ રમી નેપાળી ટીમે ૪૮.૨ ઓવરમાં ૨૩૦ રનનો સન્માનજનક સ્કોર કરીને વિશ્વ ક્રિકેટનું દિલ જીતી લીધું હતું. ૨૩૧ રનના ટાર્ગેટના જવાબમાં જ્યારે ભારતે ૨.૧ ઓવરમાં વિના વિકેટે ૧૭ રન કર્યા હતા ત્યારે વરસાદના કારણે રમત રોકવી પડી હતી. ડકવર્થ-લુઈસના આધારે, ભારતને ૨૩ ઓવરમાં ૧૪૫ રનનું ટાર્ગેટ મળ્યું હતું, જેને કેપ્ટન રોહિત શર્મા (૭૪) અને શુભમન ગિલ (૬૭)એ ૧૭ બોલ પહેલા એકપણ વિકેટ ગુમાવ્યા વિના હાંસલ કરી લીધું હતું.

એક જીત અને એક ડ્રો સાથે, ભારત ૧.૦૨૮ નેટ રન રેટ સાથે ગ્રુપ એમાં બીજા સ્થાને રહ્યું, આમ ટુર્નામેન્ટમાં બીજી વખત ભારત-પાકિસ્તાનની ટક્કર થશે. આ મેચ રવિવાર, ૧૦ સપ્ટેમ્બરના રોજ રમાશે.

આસિફ શેખ (૯૭ બોલમાં ૫૮), કુશલ ભુર્તેલ (૨૫ બોલમાં ૩૮) અને સોમપાલ કામીએ (૫૬ બોલમાં ૪૮) ભારતીય ઝડપી બોલરોને વળતો જવાબ આપ્યો હતો. નેપાળના બેટ્સમેનો પહેલીવાર ભારત જેવી મજબૂત ટીમનો સામનો કરી રહ્યા હોય તેવું એક સેકન્ડ માટે પણ ક્યારેય લાગ્યું ન હતું. નેપાળ બેટિંગ કરવા ઉતર્યું હતું. આક્રમક ક્રિકેટ રમ્યા. ભારતીય બોલરો જ્યારે આક્રમણ કરવા જતા હતા ત્યારે તેમણે વળતો પ્રહાર કર્યો હતો. કદાચ ટીમ ઈન્ડિયા આ કાઉન્ટર એટેક માટે તૈયાર ન હતી, તેથી ભૂલો થતી રહી હતી.ઈન્ડિયન ટીમે તો એક પછી એક કેચ છોડ્યા હતા. દિગ્ગજ અને ફિટ ખેલાડીઓ પણ આ મેચમાં ભૂલો કરતા નજરે પડ્યા હતા. એટલું જ નહીં ભારતીય ટીમે જે રીતે પોતાની છાપ છોડી એને જોતા લાગ્યું કે ફિલ્ડિંગમાં તો કોઈ શીખાઉ ટીમ રમી રહી હોય.

### સંસદના વિશે સત્રને લીધે રાજકારણ ગરમાયું

# સરકાર બંધારણમાંથી ઈન્ડિયા નામ હટાવવા માગે છે : જયરામ રમેશ

### રાષ્ટ્રપતિ ભવનમાં ૯ સપ્ટેમ્બરે જી-૨૦ ડિનરનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઈન્ડિયાના રાષ્ટ્રપતિને બદલે ભારતના રાષ્ટ્રપતિનો ઉલેખ્ખ કરવામાં આવ્યો છે

નવી દિલ્હી, તા.૫

જ્યારથી સંસદના વિશેષ સત્ર બોલવાની જાહેરાત કરવામાં આવી છે ત્યારથી રાજકારણ ગરમાયું છે. મોદી સરકારે વન નેશન વન ઈલેક્શન માટે કમિટીની પણ જાહેરાત કરી દીધી છે. આ મુદ્દે વિપક્ષ પહેલાથી જ પ્રહારો કરી રહી છે. હાલમાં જ કોંગ્રેસના નેતા જયરામ રમેશે સરકાર પર આરોપ લગાવ્યો છે કે મોદી સરકારે ઈન્ડિયા નામ હટાવી દીધું છે. રાષ્ટ્રપતિ ભવન તરફથી જી-૨૦ ડિનર માટેના આમંત્રણમાં ઈન્ડિયાના રાષ્ટ્રપતિને બદલે પ્રેસિડન્ટ ઓફ ભારત આ રીતે લખવામાં આવ્યું છે. આ મામલે જયરામ રમેશના સરકાર પર પ્રહારો સામે આવ્યા છે.સંસદના વિશેષ સત્રને શરૂ થવામાં ૧૩થી પણ ઓછા સમય દિવસ બાકી છે. જેમ જેમ સંસદનું વિશેષ સત્ર નજીક આવી રહ્યું તેમ તેમ વિપક્ષ દ્વારા સરકાર પરના આક્ષેપો વધી રહ્યા છે. વિપક્ષ લડી લેવાના મૂડમાં દેખાઈ રહી છે. વિપક્ષમાં એવી પણ ચર્ચા છે કે સરકાર બંધારણમાં મોટા ફેરફારો કરી શકે છે. કોંગ્રેસનો આરોપ છે કે, મોદી સરકાર બંધારણમાંથી ઈન્ડિયા શબ્દને હટાવવા માંગે છે.કોંગ્રેસ નેતા જયરામ રમેશનું ટ્વીટ સામે આવ્યું છે. તેમણે લખ્યું કે, શું આ સમાચાર ખરેખર સાચા છે? રાષ્ટ્રપતિ ભવનમાં ૯ સપ્ટેમ્બરે જી-૨૦ ડિનરનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ઈન્ડિયાના રાષ્ટ્રપતિને બદલે ભારતના રાષ્ટ્રપતિનો ઉલેખ્ખ કરવામાં આવ્યો છે. હવેથી બંધારણની કલમ ૧ આ રીતે બદલવામાં આવી શકે છે - ભારત, જે ઈન્ડિયા હતું, તે રાજ્યોનું સંઘ છે. હવે રાજ્યોના જૂથ પર પણ જોખમ વધ્યું છે.

### દેશનું નામ બદલવાનો ભાજપ પર આરોપ સાથે કેજરીવાલના પ્રહાર

# ઇન્ડિયા ગઠબંધન તેનું નામ બદલીને 'ભારત' કરશે, તો શું ભાજપ 'ભારત' નામને બદલાવી નાખશે ?

### ઇન્ડિયા ભાજપની અંગત સંપત્તિ નથી, જેને તે બદલી શકે : રાઘવ ચઠ્ઠા

નવી દિલ્હી, તા.૫

જ્યારથી સંસદના વિશેષ સત્ર બોલવાની જાહેરાત કરવામાં આવી છે ત્યારથી રાજકારણ ગરમાયું છે. મોદી સરકારે વન નેશન વન ઈલેક્શનમાટે કમિટીની પણ જાહેરાત કરી દીધી છે. આ મુદ્દે વિપક્ષ પહેલાથી જ પ્રહારો કરી રહી છે. કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર એક મોટો આરોપ લગાવતા કહ્યું હતું તેમણે દેશનું નામ બદલ્યું છે.

આ મામલે કોંગ્રેસ બાદ હવે આપના સંયોજક અને દિલ્હીના સીએમએ પણ સરકાર પર પ્રહાર કર્યા છે. કેજરીવાલે કહ્યું છે કે, જો ઈન્ડિયાનું નામ બદલાશે તો ભાજપ શું કરશે? મારી પાસે કોઈ સત્તાવાર માહિતી નથી, પરંતુ તમારા વર્ણનને આધારે અમે અમે ફૂંકાતા પવનને પણ સાંભળ્યો છે. ઈન્ડિયાનામનું એક ગઠબંધન છે, શું તમે એલાયન્સ માટે દેશનું નામ બદલી દેશો? કાલે જો કોઈ ભારતનામ રાખશે તો શું તમે ભારતનું નામ પણ બદલશો? કેજરીવાલે કહ્યું હતું કે, આપણો દેશ ૧૪૦ કરોડ લોકોનો છે. શું થશે જો ઈન્ડિયા ગઠબંધન તેનું નામ બદલીને 'ભારત' કરશે, તો શું ભાજપ 'ભારત' નામને બદલાવી નાખશે? દિલ્હીના સીએમએ કહ્યું કે, ઈન્ડિયાગઠબંધનથી તેઓ ખૂબ નારાજ છે. વન નેશન વન ઈલેકશન પર કેજરીવાલે કહ્યું કે,આનાથી જનતાને શું ફાયદો? શું આનાથી મોંઘવારી અને બેરોજગારી ઘટશે? ઉલટાનું જો વન નેશન વન ઈલેકશન થશે તો મોંઘવારી વધશે.ઈન્ડિયાનું નામ બદલવાના મુદ્દે આપસાંસદ રાઘવ ચઢ્ઢાએ કહ્યું કે, આ નિર્ણય ભાજપે જાણી જોઈને વિરોધ પક્ષોને ગુસ્સે કરવા જઈ રહ્યો છે.

કેન્દ્ર સરકારના આ નિર્ણયથી લોકોમાં નવેસરથી ચર્ચા જગાવી છે.

દેશ કોઈ રાજકીય પક્ષનો અંગત મામલો નથી. ભારત ૧૩૫ કરોડ ભારતીયોનો મામલો છે. આ આપણી રાષ્ટ્રીય ઓળખ છે. ઈન્ડિયા ભાજપની અંગત સંપત્તિ નથી, જેને તે બદલી શકે.

### સપ્તાહના બજારના કારોબારના બીજા દિવસે પણ તેજી

# બજારની ચાલ સપાટ, સેન્સેક્સ ૧૫૨ પોઇન્ટ અપ, નિફ્ટી ૧૯૫૫૦ને પાર

મુંબઈ, તા.૫

સપ્તાહના બીજા કારોબારી દિવસે ભારતીય શેર બજારમાં ફરી એકવાર તેજી જોવા મળી, ગ્લોબલ સંકેતો, બેક્િંગ અને આઈટી સ્ટૉક્સમાં જોરદાર તેજી દેખાઈ. આજનો કારોબાર ખતમ થવા પર બીએસઈ સેન્સેક્સ ૦.૨૩ ટકાના વધારા અને ૧૫૨.૧૨ પૉઇન્ટના ઉછાળા સાથે ૬૫,૭૮૦.૨૬ અને નેશનલ સ્ટૉક્સ એક્સચેન્જનો નિફ્ટી ૦.૨૪ ટકાના વધારા અને ૪૬.૧૦ પૉઇન્ટના ઉછાળાની સાથે ૧૯,૫૭૪.૯૦ પૉઇન્ટ પર ક્લૉઝ થયો છે. શેરબજારનું આજે ક્લૉઝ સારા મૉમેન્ટમ સાથે રહ્યું હતું. સેન્સેક્સ બરાબર ૬૫૭૮૦ ના સ્તર પર બંધ થયો છે અને નિફ્ટી ૧૯૫૭૭ના સ્તર પર બંધ થયો છે. શેરબજારમાં સેન્સેક્સ અને નિફ્ટી લગભગ ૦.૨૫ ટકાના વધારા સાથે બંધ થયા છે. શેરબજારના કુલ માર્કેટ કેપમાં રૂ. ૧.૭૦ લાખ કરોડનો ઉછાળો આવ્યો છે.બીએસઈસેન્સેક્સ ૧૫૨.૧૨ પોઈન્ટ અથવા ૦.૨૩ ટકા વધીને ૬૫,૭૮૦ ના સ્તર પર ટ્રેડિંગ બંધ કરી રહ્યો છે. આ સિવાય એનએસઈનો નિફ્ટી ૪૯.૦૫ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકાના વધારા સાથે ૧૯,૫૭૭ ના સ્તર પર બંધ થવામાં સફળ રહ્યો છે.

સેન્સેક્સના ૩૦માંથી ૧૮ શેરોમાં તેજી સાથે ટ્રેડિંગ બંધ થયું છે અને ૧૨ શેરો ઘટાડા સાથે બંધ થયા છે. બીજી તરફ, જો નિફ્ટીના ૫૦ શેરની વાત કરીએ તો આજે ટ્રેડિંગ ૩૩ શેરમાં મજબૂત ઉછાળા સાથે લીલા નિશાનમાં બંધ થયું છે, જ્યારે ૧૭ શેરના ઘટાડા સાથે વેપાર બંધ થયો છે.

### દર પાંચ વર્ષે દેશમાં એક સાથે ચૂંટણીનો વિચાર

# વન નેશન વન ઈલેક્શન માટે સરકારે જૂનથી સ્ક્રિપ્ટ લખવાનું શરૂ કર્યું હતું

### જે-તે સમયે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આ સમગ્ર પ્રક્રિયામાં મોટી ભૂમિકા ભજવતા જોવા મળ્યા હતા

નવી દિલ્હી, તા.૫

'વન નેશન વન ઈલેક્શન' એ ભારતમાં લગભગ તમામ ચૂંટણીઓ એક જ સમયે યોજવાનો એક વિચાર છે. તેનો અર્થ એ છે કે દેશની કેન્દ્રીય સરકાર અને રાજ્ય સરકાર માટે અલગ-અલગ સમયે ચૂંટણી કરાવવાના બદલે, દર પાંચ વર્ષે એકસાથે ચુંટણી કરવામાં આવે. કેન્દ્ર સરકારે ૧૮ થી ૨૨ સપ્ટેમ્બર સુધી સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું છે જેમાં આ અંગે બીલ લાવવામાં આવી શકે છે. વિશેષ સત્ર બોલાવવાના કેન્દ્રના નિર્ણય બાદ 'વન નેશન વન ઈલેક્શન' માટે કમિટી બનાવવા બાબતેની માહિતી સામે આવી.

અહેવાલો અનુસાર, સરકારે જૂન મહિનાની શરૂઆતથી તેની સ્ક્રિપ્ટ લખવાનું શરૂ કરી દીધું હતું. આ સાથે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આ સમગ્ર પ્રક્રિયામાં મોટી ભૂમિકા ભજવતા જોવા મળ્યા હતા. જો કે, હજુ સુધી એ નક્કી નથી થયું કે આ સંબંધિત બિલ સત્રમાં રજૂ કરવામાં આવશે કે નહીં. પરંતુ એવું માનવામાં આવે છે કે જો આ બીલને મંજૂરી મળશે તો તે વિપક્ષને મોટો ઝટકો હશે.

આ મામલે શુક્રવારે પૂર્વ રાષ્ટ્રપતિના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. તેમના નેતૃત્વમાં એક સમિતિ રચવામાં આવશે જે તેના પર કામ કરશે. આ પછી સભ્યોની પણ જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ પ્રશ્નએ છે કે સરકારે પૂર્વ રાષ્ટ્રપતિ કોવિંદના નામની જ મહોર કેમ લગાવી? આ માટે ઘણા કારણો પણ દર્શાવવામાં આવી રહ્યા છે.

રિપોર્ટ અનુસાર, પૂર્વ રાષ્ટ્રપતિ આવા જટિલ કાયદાકીય મામલાઓને સરળતાથી સંભાળી શકે છે. આ સાથે તેમને પીએમ મોદીના વિશ્વાસપાત્ર પણ માનવામાં આવે છે. રવિવારે કેન્દ્રીય કાયદા મંત્રાલયના અધિકારીઓએ કમિટીને લગતા કામને લઈને બેઠક કરી હતી. અહેવાલ છે કે પૂર્વ રાષ્ટ્રપતિ છેલ્લા ત્રણ મહિનામાં ઓછામાં ઓછા ૧૦ રાજ્યપાલોને મળ્યા છે.

### મણિપુર હિંસાનો મામલો વૈશ્વિક ચર્ચામાં

# મણિપુર મુદ્દે યુએનમાં થયેલી ટીપ્પણી ભારતે તદન નકારી કાઢી

### ભારતના પ્રતિનિધિએ આ ટિપ્પણીઓને અયોગ્ય, અનુમાનિત અને ભ્રામક ગણાવવા સાથે કહ્યું કે, પૂર્વોત્તર રાજ્યમાં સ્થિતિ શાંતિપૂર્ણ છે

નવી દિલ્હી, તા.૫

ભારતના પૂર્વોત્તર રાજ્ય મણિપુર ભડકેલી હિંસાનો મામલો હવે ફક્ત દેશમાં જ નહિ વિશ્વમાં પણ ચર્ચાય રહ્યો છે.

હાલમાં જ યુએનમાં આ બાબતે ટીપ્પણી કરવામાં આવી હતી. જોકે આ ટીપ્પણી પર ભારત દ્વારા વળતી પ્રતિક્રિયા પણ સામે આવી છે. યુએન મણિપુર મુદે થયેલી ટિપ્પણીઓને ભારતે તદન નકારી કાઢી છે. ભારતના પ્રતિનિધિએ આ ટિપ્પણીઓને અયોગ્ય, અનુમાનિત અને ભ્રામક ગણાવી હતી. સાથે જ કહ્યું કે, પૂર્વોત્તર રાજ્યમાં સ્થિતિ શાંતિપૂર્ણ છે.

ગઈકાલે સંયુક્ત રાષ્ટ્રના નિષ્ણાતોએ કહ્યું હતું કે, મણિપુરમાં મહિલાઓ અને છોકરીઓને નિશાન બનાવીને લિંગ આધારિત હિંસાના સમાચાર અને તસવીરો ખૂબ જ ચિંતાજનક છે. આ સાથે તેમણે ભારત સરકારને હિંસાની ઘટનાઓની તપાસ કરવા અને ગુનેગારોને જવાબદાર ઠેરવવા માટે સમયસર પગલાં લેવા વિનંતી કરી.

યુએનના નિષ્ણાતોએ મણિપુરમાં કથિત જાતીય હિંસા, ન્યાયવિહિન હત્યાઓ, બળજબરીથી વિસ્થાપન, ત્રાસ અને દુર્વ્યવહાર સહિતના ગંભીર માનવાધિકાર ઉલ્લંઘનના અહેવાલો પર ચિંતા વ્યક્ત કરી હતી.

જોકે, ભારતે યુએન દ્વારા કરવામાં આવેલ ટિપ્પણીઓને નકારી દીધી હતી. માનવ અધિકાર માટેના હાઈ કમિશનરની ઓફિસની વિશેષ શાખાએ ગઈકાલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, મણિપુરમાં સ્થિતિ શાંતિપૂર્ણ અને સ્થિર છે અને સરકાર સ્થિરતા જાળવવા માટે જરૂરી પગલાં લેવા પ્રતિબદ્ધ છે. તેણે એમ પણ કહ્યું કે, સરકાર મણિપુરના લોકો સહિત ભારતના લોકોના માનવાધિકારની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે.

### અજિત પવારના બળવા બાદ મહારાષ્ટ્રના રાજકારણમાં બદલાતી વ્યૂહરચના

# ઇન્ડિયાની સંકલન સમિતિમાં સમાવેશથી શરદ પવારના એનડીએ તરફના ઝોકની શક્યતા નહિવત

મુંબઈ, તા.૫

એનસીપીના નેતા અને શરદ પવારના ભત્રીજા અજિત પવારના બળવા બાદ બાદ મહારાષ્ટ્રમાં રાજકીય વ્યૂહરચના બદલાવા લાગી છે. ઘણી વખત એવું જોવા મળ્યું છે કે, શરદ પવાર અને તેમની પુત્રી સુપ્રિયા સુલે તેમના નિવેદનોમાં અજિત પ્રત્યે નરમ દેખાયા છે.

નિષ્ણાત વર્ગનું માનવું હતું કે, શરદ પવાર વિરોધ પક્ષ 'ઈન્ડિયા' જૂથ સાથેના સંબંધો તોડીને એનડીએ તરફ મિત્રતાનો હાથ લંબાવી શકે છે. પરંતુ મુંબઈમાં વિપક્ષી 'ઈન્ડિયા' જૂથની બેઠકમાં પ્રમુખ શરદ પવારની હાજરી અને સંકલન સમિતિમાં તેમના સમાવેશથી એવી અટકળો પર પૂર્ણવિરામ લાગી ગયું છે.

તેઓ ભાજપ વિરોધી મોરચા સિવાય બીજું કોઈ પગલું ભરશે નહીં તેવું લાગી રહું છે.

ઉદ્ધવ જૂથ શિવસેનાના એક નેતાએ જણાવ્યું હતું કે, પરિષદમાં પવારની સક્રિય ભાગીદારી અને ૧૪ સભ્યોની સંકલન સમિતિમાં તેમના સમાવેશથી એનસીપીના પ્રમુખ વિપક્ષી મોરચાથી અલગ થવા અંગેની કોઈપણ અટકળોનો અંત લાવ્યો છે.

સંકલન સમિતિમાં કેસી વેણુગોપાલ, ઉદ્ધવ જૂથની શિવસેના, રાજ્યસભાના સાંસદ સંજય રાઉત, બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ, ટીએમસીના મહાસચિવ અભિષેક બેનર્જી અને આપના સાંસદ રાઘવ ચઢ્ઢાનો સમાવેશ થાય છે. એવું માનવામાં આવી રહ્યું છે કે, આનાથી આવતા વર્ષે લોકસભાની ચૂંટણી પહેલા વિપક્ષી એકતા જૂથની દિશા નક્કી થશે.

### રાજ્યમાં ઓગસ્ટમાં વરસાદ ન પડતાં ખેડૂતો ચિંતિત

# દક્ષિણ, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

### રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદનું ફરી આગમન, ૧૨ સપ્ટેમ્બર સુધી રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં જુલાઈ સુધી સારો વરસાદ વરસ્યા બાદ આખો ઓગસ્ટ મહિનો કોરો ધાકોર ગયો છે. ત્યાર બાદ સપ્ટેમ્બરમાં પણ શરૂઆતના પાંચ દિવસમાં વરસાદની કોઈ જ આગાહી નહીં હોવાથી ખેડૂતો ચિંતિત થયાં છે. પરંતુ હવે ફરીવાર ગુજરાતમાં વરસાદનું આગમન થયું છે. દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં મધ્યમ વરસાદ શરૂ થયો છે. આજે વહેલી સવારથી નવસારી, ડાંગ, ગોધરા અને સાપુતારા સહિતના વિસ્તારોમાં ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. બીજી તરફ હવામાન વિભાગ દ્વારા દક્ષિણ, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આગામી ૧૨ સપ્ટેમ્બર સુધી રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. જેમાં ખાસ કરીને પંચમહાલ, દાહોદ, ગોધરા, નવસારી, ડાંગ, સાપુતારા, હિંમતનગર સહિતના વિસ્તારોમાં વરસાદ પડવાની શક્યતા છે.રાજ્યમાં પાંચમી સપ્ટેમ્બર સુધીમાં ૮૧.૮૫ ટકા વરસાદ નોંધાયો છે. આટલો વરસાદ હોવા છતાં રાજ્યના ૨૧ જિલ્લામાં ૯૧ ટકાથી વધુ વરસાદની ઘટ છે. જૂન-જુલાઈમાં સાડા ૨૭ ઈંચ વરસાદે છેલ્લાં ૯૬ વર્ષનો સૌથી વધુ વરસાદનો રેકોર્ડ સર્જ્યો હતો. પરંતુ ઓગસ્ટમાં વરસાદ રોકાઈ જવાથી ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા હતાં. રાજ્યમાં ઓગસ્ટ મહિનામાં સરેરાશ ૯ ઈંચ વરસાદ થવો જોઈએ તેની સામે માત્ર દોઢ ઈંચ વરસાદ થતાં ૮૯% વરસાદની ઘટ પડી છે. પોરબંદરમાં ૯૯% ઓછા વરસાદ સાથે રાજ્યનો સૌથી વધુ ઘટ ધરાવતો જિલ્લો રહ્યો છે. રાજ્યમાં કચ્છમાં ૧૩૬.૧૯, ઉત્તર ગુજરાતમાં ૬૭.૯૬, મધ્ય ગુજરાતમા ૬૬.૧૯, સૌરાષ્ટ્રમાં ૧૧૦.૧૨, દક્ષિણ ગુજરાતમાં ૭૩.૭૪ ટકા વરસાદ થયો છે. સરદાર સરોવર સહિત રાજ્યનાં ૨૦૭ જળાશયોમાં ઓગસ્ટના અંતે કુલ ૭૬.૬૦% જળસંગ્રહ થયો છે. તે પૈકી ૭૦.૭૨% પાણીનો જથ્થો ઉપયોગમાં લઈ શકાય તેમ છે.

અન્ય ઝોનના ડેમની સ્થિતિની વાત કરીએ તો હાલ ઉત્તર ગુજરાતના ૧૫ ડેમમાં ૭૪.૨૭%, મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૪૫.૩૬%, દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૭૬.૩૩%, કચ્છના ૨૦ ડેમમાં ૬૨.૩૭%, સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૮૧.૯૩% પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. જ્યારે સરદાર સરોવરમાં હાલ ૮૪.૦૫% પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. હવે ડેમની વોર્નિંગની વાત કરીએ તો હાલ રાજ્યમાં ૯૦ ટકાથી વધુ ભરાયેલા ૯૦ ડેમ હાઈએલર્ટ પર છે. જ્યારે ૮૦ ટરાથી વધુ ભરાયેલા ૨૫ ડેમ એલર્ટ પર છે. ૭૦ ટકાથી વધુ ભરાયેલા ૧૭ ડેમને વોર્નિંગ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૭૪ ડેમમાં ૭૦ ટકા કરતાં ઓછું પાણી છે.

### ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલા ભર્તીની મોસમ

# આદિવાસી નેતા અર્જુન રાઠવાનું આપના તમામ હોદ્દા પરથી રાજીનામું

### અર્જુન રાઠવાના રાજીનામા બાદ તેઓ કયા પક્ષમાં જોડાશે તેની કોઈ સ્પષ્ટતા સામે આવી નથી

અમદાવાદ, તા.૫

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી પહેલા ભર્તીની મોસમ શરૂ થઈ ગઈ છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ પક્ષપલટો કરવાની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે વિધાનસભાની ચૂંટણીમાં બહુ ગાજેલી આમ આદમી પાર્ટીના મોટા માથા પાર્ટી છોડતા હવે પક્ષમાં સળવળાટ શરૂ થઈ ગયો છે. આમ આદમી પાર્ટીના વાઈસ પ્રેસિડેન્ટ અને આદિવાસી નેતા અર્જુન રાઠવાએ પોતાના તમામ પદો પરથી રાજીનામું ધરી દીધું છે. તેમણે પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને પ્રભારી તથા રાષ્ટ્રીય સંગઠન મંત્રી ડો. સંદીપ પાઠકને રાજીનામું લખીને મોકલી આપ્યું છે. અર્જુન રાઠવાના રાજીનામા બાદ તેઓ કયા પક્ષમાં જોડાશે તેની કોઈ સ્પષ્ટતા સામે આવી નથી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે આમ આદમી પાર્ટીના વાઈસ પ્રેસિડેન્ટ અને આદિવાસી નેતા અર્જુન રાઠવાએ આમ આદમી પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. તેમણે ઈસુદાન ગઢવી અને ડો. સંદિપ પાઠકને લખેલા રાજીનામા પત્રમાં કહ્યું છે કે, હું મારી ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ તેમજ રાષ્ટ્રીય કાર્યકારિણીના સભ્ય તરીકેની જવાબદારીમાંથી તેમજ સામાન્ય સભ્યપદેથી રાજીનામું આપું છું. જે સ્વીકારવા વિનંતી છે. તેમણે અચાનક રાજીનામું શા માટે આપ્યું તે પાછળનું કોઈ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

લોકસભાની ચૂંટણી નજીક આવતાં જ પાર્ટીના અનેક નેતાઓ પાર્ટી છોડી રહ્યાં છે. પ્રો. અર્જુન રાઠવા આગામી સમયમાં અન્ય કોઈ પાર્ટીમાં જોડાશે તે અંગેની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

તેમણે આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ૨૦૧૪માં છોટા ઉદેપુર લોકસભાની ચૂંટણી લડી છે. ૨૦૨૨માં પણ તેઓ આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી. આદિવાસી વિસ્તાર છોટા ઉદેપુરમાં જન્મેલા અર્જુન રાઠવાએ યુ.કેથી એમ.એ નો અભ્યાસ કર્યો છે. તેમણે એમ.ફીલની ડીગ્રી મેળવી છે. તેઓ છેલ્લા ૧૭ વર્ષથી આદિવાસીઓના પ્રશ્ને કાર્યરત છે. જ્યાં પાવી જેતપુર આર્ટસ કોલેજમાં તેવો લાંબા સમયથી અંગ્રેજીના પ્રોફેસર છે.

### ભારે પવન સાથે મેઘસવારીની આગાહી

# લાંબા વિરામ બાદ કચ્છના માંડવીમાં વરસાદનું આગમન

### ઓગસ્ટ મહિનાથી ખેંચાયેલા વરસાદનું ફરી આગમન થયું છે, આજે અને આવતીકાલે ભારે પવન સાથે આગાહી કરવામાં આવી છે, આગામી ૫ દિવસ વરસાદની આગાહી છે

કચ્છ, તા.૫

લાંબા અંતરાળ બાદ રાજ્યમાં વરસાદનું આગમન થયું છે. આજે સવારે કચ્છના માંડવીમાં વરસાદનું આગમન થતાં લોકોમાં ખુશી જોવા મળી રહી છે. લાંબા વિરામ બાદ મેઘરાજા વરસ્યા છે.

માંડવીમાં વહેલી સવારથી વરસાદ વરસવાનું શરૂ થયું છે. વરસાદને લીધે રોડ-રસ્તાઓ પાણીમાં તરબોળ થયા છે. સાથે જ વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. નોંધનીય છે કે, આજે અને આવતીકાલે ભારે પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. ઓગસ્ટ મહિનાથી ખેંચાયેલા વરસાદનું ફરી આગમન થયું છે.

આજે અને આવતીકાલે ભારે પવન સાથે આગાહી કરવામાં આવી છે. આગામી ૫ દિવસ વરસાદની આગાહી છે. ભારે પવન સાથે મેઘસવારી આવશે. બંગાળીની ખાડીમાં લો પ્રેશર સક્રિય થતાં ગુજરાતમાં વરસાદની આગાહી છે. આ દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદ પડી શકે છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વરસાદની આગાહી છે.

હવામાન વિભાગે ૬ સપ્ટેમ્બરથી ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદ થવાનું જણાવ્યું છે.

પાંચ દિવસ દરમિયાન વરસાદનું પ્રમાણ વધેલું જોવા મળશે અને જેમાં દક્ષિણ ગુજરાતના ભાગોમાં વરસાદ વધુ જોવા મળશે તેમ પણ જણાવ્યું હતું. હવામાન વિભાગ દ્વારા ૭ અને ૮ સપ્ટેમ્બરના રોજ દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી રહી છે.

ભારે વરસાદની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે તે જિલ્લાઓમાં નર્મદા, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ અને દાદરા નગર હવેલીનો સમાવેશ થાય છે. આ જિલ્લાઓમાંથી ક્યાંક ભારે વરસાદ થઈ શકે છે. નોંધનીય છે કે, ગુજરાતમાં અત્યાર સુધીનો સરેરાશ વરસાદ જોઈએ તો રાજ્યમાં સૌથી ઓછો વરસાદ મધ્ય પૂર્વ ગુજરાત નોંધાયો છે. મધ્ય પૂર્વ ગુજરાતમાં ૬૬.૧૯ ટકા વરસાદ થયો છે. ઉત્તર ગુજરાતમાં સરેરાશ ૬૭.૯૬ ટકા જ વરસાદ નોંધાયો છે.

કચ્છમાં સરેરાશ ૧૩૬.૧૯ ટકા વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રમાં સરેરાશ ૧૧૦.૧૦ ટકા વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતમાં ૭૩.૬૪ ટકા વરસાદ નોંધાયો છે. જોકે, આ વરસાદ પણ જુલાઈ મહિનામાં થયો છે. ઓગસ્ટ મહિનામાં માત્ર ૧૦ ટકા પણ વરસાદ નોંધાયો નથી.


પવિત્ર શ્રાવણ માસે ભાવિકોની ભારે ભીડ બિલ્વપત્ર, દુધ અને પુષ્પોનો અભિષેક

# વડિયા સુરવો નદીનાં કિનારે આવેલું સ્વયંભુ પ્રગટ થયેલ શ્રી ભિમનાથ મહાદેવ

### દરરોજ અલગ-અલગ પ્રકારનાં શણગાર ભગવાનને કરવામાં આવે છે

વડિયા, તા.૫

વડિયા સુરવો નદીના કિનારે બિરાજમાન અતિ પૌરાણિક સ્વયંભૂ પ્રગટ થયેલ મહાદેવનું મંદિર આવેલું છે ત્યારે પવિત્ર શ્રાવણ માસ દરમિયાન તેનું ખુબ મહત્વ રહેલું છે અહીં દરરોજ અલગ – અલગ પ્રકારના સણગારથી ભગવાન શિવના દર્શન ખુલ્લાં મુકવામાં આવે છે અને ભક્તો દ્વારા જળાભિષેક બિલ્વપત્ર દુધ અર્પણ કરી રહ્યા છે લોક મુખે એવી પણ માન્યતા જોવા મળી રહી છે કે વડિયા ગામનો ટીમ્બો ન હતો એટલે કે વડિયા ગામની સ્થાપના ન હતી ત્યારે એક સાધુ આ જગ્યા પર એક મસ મોટો વડલો હતો અને આજે પણ એ વડલો મોજુદ છે ત્યાં બેસી તપસ્યા કરતા હતા એ જ



સમયે એક મૃત ગાય માતાને ગાડામાં નાખી લય જતા હતા ત્યારે એ સાધુએ પાણીની અંજલી છાંટીને ગાયમાતાને સંજીવન કરવામાં આવી હતી અને બાદમાં તે સાધુ એ ત્યાં સ્વયંભૂ શિવલિંગ પ્રગટ કરી ભિમનાથ મહાદેવના મંદિરનું સ્થાપન કર્યુ હતું અને તે સાધુનાં ચેલાએ ભિમનાથ મહાદેવ મંદિરની બાજુમાં ધુધલીનાથ મહાદેવનું મંદિર પણ સ્થાપ્યું હતું તેવું જાણવા મળી રહ્યું છે આજે લોકોમાં આ ભિમનાથ મહાદેવ મંદિર પ્રત્યેઅથાક આસ્થા જોવા મળી રહી છે હાલ અહી રસીકગીરી બાપુ સેવાપુજા કરી રહ્યા છે. અહીંયા શિવ ભક્તો દ્વારા પુજા અર્ચના કરી ધન્યતા અનુભવે છે.

ચલાલાનાં સામાજિક આગેવાન

# પ્રકાશ કારીયા દ્વારા રક્ષાબંધનની અનોખી રીતે ઉજવણી કરી રાખડી બાંધી

### મોટી સંખ્યામાં બહેનો દ્વારા રાખડી બાંધી મો મીઠા કર્યા



ચલાલા, તા.૫

ભાઈ-બહેનનો અતિ મહત્વનો અને પ્રવિત્ર રક્ષાબંધનનો ત્હેવારની ઉજવણી આખા દેશમાં થઈ રહી હતી. ત્યારે દરેબ બહેનો પોતાનાં સગાભાઈઓને પ્રેમ એન રક્ષા માટે રાખડી બાંધી તેમની દિલની દુવા પ્રગટ કરે છે. ત્યારે ચલાલાનાં સામાઢક આગેવાન અને વરિષ્ઠ પત્રકાર પ્રકાશભાઈ કારીયાએ રક્ષા બંધનનો પવિત્ર ત્હેવાર ઝુંપડપટ્ટી વિસ્તાર અને વાલ્મીકી સમાજનાં વિસ્તારોમાં જઈ ત્યા જાહેર ચોકમાં અસંખ્ય બહેનોનાં હાથે રાખડી બંધાવી. તમામ બહેનોને ખુશી ભેટ આપી એક બીજાનાં મો મિઠા કરી બધા સોથ બેચી ચા-નાસ્તો કરી અનેરી રીતે રક્ષાબંધનની ઉજવણી ભવ્ય રીતે કરી હતી. આ તકે ઉપસ્થિતી માતા, બહેનો અને દિકરીઓએ આશીર્વાદ પાઠવી પ્રાર્થના કરી હતી.

વડિયા ખાતે આવેલ

# શ્રી સ્વામિનારાયણ દિવ્ય ધામમાં ભવ્ય અને દિવ્ય હિંડોળા દર્શનનું આયોજન કરવામાં આવ્યું

### દર્શન કરવા માટે જાહેર આમંત્રણ આપવામાં આવ્યું

વડિયા, તા.૫

શ્રી સ્વામિનારાયણ દિવ્ય ધામમાં ભવ્ય અને દિવ્ય હિંડોળા દર્શનનું આયોજન કરવામાં આવ્યું

વડિયા શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં મંદિરમાં શ્રી ધનશ્યામ મહારાજની નિશ્રામાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે હિંડોળાનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે

વડિયા શ્રી સ્વામિનારાયણ દિવ્ય ધામ મંદિર ખાતે ૨૦ ફુટ ઉંચા હિંડોળામા ભગવાન શ્રી રાધાકૃષ્ણન બિરાજી ઝુલી રહ્યા છે તો બંને બાજુ સહજાનંદ સ્વામી અને નિલકંઠ વર્ણી ઝુલી રહ્યા છે.

શ્રાવણ માસમાં માં પાર્વતિ માં ની સાથે શ્રી ગણેશજી બેસીને મહાદેવ શિવજીનો અભિષેક કરી રહ્યા છે આ દશ્ય સૌને ઘેલું લગાડી રહ્યું છે એક બાજુ નિલકંઠ વર્ણી સિંહને ટેકો



દઈને જંગલમાં બેઠા છે સહ પરિવાર સાથે હોય તેવા વિવિધ દ્રશ્યોથી ભક્તો મન દર્શન કરી આનંદીત થાય છે ત્યારે સૌવ ભક્તોને દર્શન કરવા પધારવા નિલકંઠ સ્વામી કોઠારી સ્વામી એ ભાવભર્યુ નિમંત્રણ પાઠવ્યું છે.

# દીપક હાઈસ્કુલના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ શિક્ષક દિને શિક્ષક ધર્મ નિભાવ્યો

### વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

અમરેલી, તા.૫

સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ, રૂપાયતન સંચાલિત દીપક હાઈસ્કુલનાં ધોરણ-૯ થી ૧૨ સામાન્ય પ્રવાહ ધરાવતી ગ્રાન્ટેડ સંસ્થા છે. પાંચમી સપ્ટેમ્બર એટલે ભારતનાં બીજા રાષ્ટ્રપતિ અને આજીવન શિક્ષક ડોકટર સર્વપલ્લી રાધાકૃષ્ણનજીની જન્મ જયંતી, સમગ્ર રાષ્ટ્રમાં પાંચમી સપ્ટેમ્બરને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે.

ત્યારે દીપક હાઈસ્કુલ-અમરેલીના વિદ્યાર્થીભાઈ – બહેનોએ પોતાનાં રસના વિષયોની પસંદગી કરી પોતાનાં મનગમતા મુદ્દાઓની સુંદર પ્રસ્તુતિ વર્ગખંડોમાં કરી, દરેક વિષયનાં વિષય શિક્ષકો પાસેથી અગાઉથી માર્ગદર્શન પ્રાપ્ત કરી વૈવિધ્યસભર રજુઆત દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ કાર્ય કરાવ્યું ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, નામાનાં મૂળતત્વો, અર્થશાસ્ત્ર એસ.પી.સી.સી. અને કોમ્પ્યુટર સહિતનાં વિષયો શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ લીધા. જેમાં શિક્ષણનાં



અલગ-અલગ પ્રકલ્પો અને પદ્ધતિઓ પ્રયોજી કોઈએ બોર્ડ વર્ક દ્વારા તો કોઈએ સ્માર્ટ કલાસ દ્વારા કોઈએ પ્રાયોગિક કરીને તો કોઈ એક કાર્ડ પ્લે દ્વારા પોતાના વિષયને રસપ્રદ બનાવ્યો. આ સુંદર આયોજન માટે સંસ્થાનાં ટ્રસ્ટી મંડળ અને આચાર્ય ડોકટર અમિતભાઈ ઉપાધ્યાય દ્વારા તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓને ખુબ ખુબ શુભકામનાંઓ પાઠવવામાં આવી હતી.

શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા એક દિવસ શિક્ષકની ભૂમિકા ભજવી શિક્ષણ કાર્ય કર્યુ

# બાબરામાં પંચશીલ વિદ્યાલયમાં શિક્ષક દિવસની ઉજવણી કરાઈ

### શાળાનાં ટ્રસ્ટીઓ દ્વારા વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૫

બાબરામાં પંચશીલ વિદ્યાલયમાં ૫ મી સપ્ટેમ્બર શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અહીં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા એક દિવસ શિક્ષકની ભૂમિકા ભજવી શિક્ષણ કાર્ય કરવામાં આવ્યું હતું. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનાં જીવન કવન વિષે અને શિક્ષક અને શિક્ષણ વિશે શાળાનાં ટ્રસ્ટી પ્રકાસભાઈ ગોલેતર, મહેશભાઈ કોરાટ અને અરવિંદભાઈ ધોળકિયા દ્વારા સમજણ આપી તમામ વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

અમરેલી નગરપાલિકામાં ફરજ બજાવતાં

# બે કર્મચારીઓ વય મર્યાદાનાં કારણે નિવૃત થતાં વિદાય સમારોહ યોજાયો

### પાલિકા પ્રમુખ, ઉપપ્રમુખ કારોબારી ચેરમેન, ચીફ ઓફીસર સહિતનાં રહ્યાં ઉપસ્થિત

અમરેલી તા.૫

અમરેલી નગર પાલિકાની બાંધકામ શાખાના કર્મચારી વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં પાલિકા પ્રમુખ ઉપ પ્રમુખ કારોબારી ચેરમેન ચીફ ઓફિસર દ્વારા ભવ્ય વિદાય સમારંભ યોજાયેલ હતો.

અમરેલી નગર પાલિકા એક પછી એક કર્મચારી નિવૃત્ત થઈ રહેલ છે ત્યારે ૩૧ મી ઓગષ્ટના રોજ પાલિકાના વધુ બે કર્મચારીઓ વય મર્યાદાના કારણે નિવૃત્ત થયેલ હતા.

જેમાં બાંધકામ શાખાના કર્મચારી હનીફભાઈ એચ. તેલી અને આરોગ્ય શાખાના જે.કે.સોઢ ાનો પાલિકા પ્રમુખ મનીષાબેન રામાણી, ઉપ પ્રમુખ નરેશભાઈ મહેતા, કારોબારી ચેરમેન સુરેશભાઈ સેખવાં ચીફ ઓફિસર એચ.કે.પટેલ, પૂર્વ પ્રમુખ અલકાબેન ગોંડલિયા, અમીન ભાઈ હોત, હરેશભાઈ ચાવડાની



ઉપસ્થિતિમાં વિદાય સમારોહ યોજાયેલ હતો. જેમાં પાલિકાની તમામ શાખા અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતા.

લીલીયા મોટા ગામે

# પીવાનાં પાણીનાં હાઉસ કનેકશન બાબતે કલેકટરને પત્ર પાઠવતા સરપંચ

લીલીયા, તા. ૫

લીલીયા ગ્રામ પંચાયતના સરપંચ જીવનભાઈ વોરા દ્વારા કલેકટર અજય દહીયાને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવેલ છે કે આપની તારીખ ૦૨/૦૯/૨૦૨૩ ની મોટા લીલીયા ગામની રૂબરૂ સ્થળ મુલાકાત અન્વયે, જણાવવાનું કે, અમરેલી જિલ્લાના મોટા લીલીયા ગામે કાળુભાર તથા નર્મદાનાં પીવાનાં પાણીની વિતરણ માટે ઓટાકા અંતર્ગત યોજના પૂર્ણ



થયેલ છે.

ત્યારબાદ ઘરે ઘરે પીવાનાં પાણીનાં હાઉસ કનેકશન આપવા માટેની યોજના WASMO કચેરી અમરેલી દ્વારા મંજુરી મેળવવામાં આવેલ છે.

વાસ્મો કચેરીનાં જણાવ્યા મુજબ ૧૦ ટકા પ્રમાણે લીલીયા ગ્રામ પંચાયત દ્વારા રૂપિયા ૯.૮૪ લાખ લોકફાળો ભરવાનો થાય છે, તો મોટા લીલીયા ગ્રામ પંચાયતની પાસે ઉપરોકત રકમ ઉપલબ્ધ નથી. અને ગામની ગ્રામ પંચાયતની આર્થિક પરિસ્થિતિ નબળી છે.

તો ઉપરોકત લોકફાળાનાં બદલે તેટલી રકમ શ્રમદાન રૂપે યોજનામાં જોગવાઈ કરી વહેલી તકે ટેન્ડર બહાર પડે તેમ કરાવી આપવા લીલીયા સરપંચ દ્વારા વિનંતી કરવામાં આવેલ છે.

વિશેષમાં જણાવેલ કે, અમરેલી જિલ્લામાં મોટાભાગનાં ગામોમાં આવી રીતે લોકફાળાની રકમને શ્રમદાનનાં રૂપે ગણીને હાઉસ કનેકશન યોજનાઓ કરવામાં આવેલી છે.

તો આ ગામને પણ તે પ્રમાણે લોકફાળાની રકમ ભરવાના બદલે તેટલી રકમ શ્રમદાન રૂપે ટેન્ડરમાં જોગવાઈ રાખી WASMO અમરેલી મારફતે કામગીરી આગળ વધારવા નમ્ર વિનંતી લીલીયા સરપંચ દ્વારા કરવામાં આવી છે. તેમ એક યાદીમાં જણાવેલ છે.

બગસરા ખાતે

# વિદ્યાર્થીઓ દ્વારા મેઘાણી હાઈસ્કૂલ ખાતે શિક્ષક દિનની ઉજવણી કરાઈ



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૫, બગસરામાં મેઘાણી હાઈસ્કૂલ ખાતે શિક્ષક દિન ની ઉજવણી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ દ્વારા શિક્ષક બની સમગ્ર સ્કૂલને શિક્ષણ આપવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા અને જુદા જુદા વિષયો ઉપર વિદ્યાર્થીઓને સમજાવી શિક્ષણ અંગે જાણકારી આપી હતી. આ તકે મેઘાણી હાઈસ્કૂલનાં શિક્ષકો દ્વારા શિક્ષક બનેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રોત્સાહિત ઈનામ આપી રાજી કરવામાં આવ્યા હતા.

આગામી તા. ૨૩ સુધીમાં

# જિલ્લાની આઈ.ટી.આઈ ખાતે ખાલી રહેતી બેઠકો માટે પ્રવેશ મેળવી શકાશે

અમરેલી તા.૫

જિલ્લાની તમામ આઈ.ટી.આઈ. ખાતે ખાલી રહેતી બેઠકો માટે તા.૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધી પ્રવેશ પ્રક્રિયા શરૂ રહેશે. ચોથા રાઉન્ડના અંતે ખાલી રહેતી બેઠકો પર ઓનલાઈન એડમિશન પ્રક્રિયા અનુસરવાની રહેશે. પ્રવેશ ઈચ્છુક ઉમેદવાર રૂબરૂ સંપર્ક કરી પ્રવેશ ફોર્મ ભરી શકશે. તેમ અમરેલી આઈ.ટી.આઈ.નાં આચાર્યની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે, ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

શિક્ષક દિન નિમિત્તે

# સા.કુંડલા ખાતે સરકારી હોસ્પિટલમાં ફાયર ટીમ દ્વારા મોકડ્રીલ યોજાઈ

### હોસ્પિટલનાં સ્ટાફે ખાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યું

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા ખાતે આવેલ વિવિધ હોસ્પિટલોમાં સરકારની ગાઈડલાઈન મુજબ અવાર નવાર ફાયર અવેરનેસ ટ્રેનિંગનું આયોજન થતું હોય છે. પરંતુ આજે શિક્ષક દિવસ નિમિત્તે જેમ ગુરૂ પોતાના શિષ્યોને જ્ઞાન આપે છે તેવી જ રીતે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ અમરેલી તથા સાવરકુંડલા ફાયર વિભાગ દ્વારા સંયુકત સાવરકુંડલા ખાતે આવેલ સરકારી હોસ્પિટલ ખાતે ફાયરની ટીમ દ્વારા મોકડ્રિલનુ આયોજન કરવામાં આવેલ.

જો વાસ્તવમાં આગ લાગવાની ઘટના બને તો ફાયર બ્રિગેડ આવે તે પહેલા ફાયર બ્રિગેડની કઈ રીતે મદદ કરી શકાય ? તથા પ્રાથમિક ધોરણે આગ કેમ ઓલવી શકાય ? તેની માહિતી આપવામાં આવેલ તથા આ સંપૂર્ણ ટ્રેનીંગ સેશનમાં કે .કે. મહેતા સરકારી હોસ્પિટલનાં ડોકટર, નર્સિંગ



સ્ટાફ તથા ૫૦ સપોર્ટિંગ સ્ટાફે હાજર રહી આ ટ્રેનિંગમાં ભાગ લીધો હતો. આવનારા સમયમાં ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસ અમરેલી દ્વારા જિલ્લામાં આવેલ તમામ સિવિલ હોસ્પિટલ તથા સી.એસ.સી સેન્ટર ખાતે ફાયર અવેરનેસ ટ્રેનીંગનું આયોજન કરવામાં આવશે.

### સેવાકીય પ્રવૃત્તિઓનાં લાભાર્થે ફોરવર્ડ સ્કૂલનાં મેદાનમાં

# અમરેલીમાં સારહી જન્માષ્ટમી લોકમેળાનો શુભારંભ

**છેલ્લા ૨૫ વર્ષથી સેવારત સારહી ટીમને અભિનંદન : દિલીપ સંઘાણી**

**માનવ સેવામાં સારહી ટીમનો અવિરત સાથ : ભક્તિરામબાપુ**

**સારહી ટીમની પ્રવૃત્તિ સમાજને સંતોષ આપે છે : વિરજીભાઈ ઠુંમર**

**સારહી ટીમનાં સુકાની મુકેશ સંઘાણીએ સેવા પ્રવૃત્તિની છણાવટ કરી**










અમરેલી, તા. ૫

અમરેલીમાં સારહી યુથ કલબ ઓફ અમરેલી દ્વારા સેવાકિય પ્રવૃતિઓના લાભાર્થે ફોરવર્ડ સ્કૂલનાં ગ્રાઉન્ડમાં ભવ્યાતિભવ્ય જન્માષ્ટમી લોકમેળાનું આયોજન કરવામા આવેલ છે. જેનું ઉદ્દ્ઘાટન સંતો–મહંતો અને રાજદ્વારી મહાનુભાવોની ઉપસ્થિતી અને રાસગરબાની રમઝટ વચ્ચે કરવામા આવેલ.


ઉદ્દ્ઘાટન સમારોહમાં સારહી પ્રમુખ મુકેશભાઈ સંઘાણીએ સંસ્થાનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે મેળાનાં ઉદ્દ્ઘાટક ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ જણાવેલ હતુ કે, સારહીના સભ્યો દ્વારા દરેક ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે, વામનના પગલામાં જેમ પૃથ્વી સમાય તેમ સારહી યુથ કલબ જરૂરીયાતનાં સમયે જુદાજુદા ક્ષેત્રમા મદદરૂપ બની રહી છે. સારહી યુથ કલબ દ્વારા સારહી તપોવન આશ્રમનું નિર્માણ થઈ રહયુ છે તે વૃધ્ધાશ્રમમાં આવનાર એક તપસ્વી તરીકે આવશે. આ તકે દિલીપ સંઘાણીએ ૨૫–વર્ષથી સેવાની જયોત જગાવી રહેલ સારહી ટીમને અભિનંદન પાઠવ્યા હતા. સંઘાણીએ ટકોર કરી હતી કે, વિધર્મીઓ આ દેશને ધર્મપરિવર્તન કરવા મથી રહ્યો છે. સાંપ્રત સમયમા હિંદુઓની એકતા ખુબજ અનિવાર્ય છે વિધર્મી પ્રવૃતિથી સાવચેત રહેવા જણાવી દુનિયાના લોકો હિંદુ ધર્મમા આસ્થા ધરાવે છે તેવા સમયે જન્માષ્ટમી લોકમેળાના આયોજન બદલ ટીમ સારહીને અભિનંદન પાઠવ્યા હતા. ભોજલધામના મહંત શ્રી ભકિતરામ બાપુએ મેળા પ્રારંભે આર્શિવચન પાઠવતા જણાવેલ કે, માનવ સેવામાં સારહીનો અવિરત સાથ છે જેને સારહીના યુવાનો આ સેવાને આગળ ધપાવી રહ્યાનો ખુબ આનંદ છે.

પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરએ જણાવેલ કે, અમરેલીએ રાજયને ઘણું આપ્યુ છે રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી અમરેલીએ જ આપ્યા છે આજે સારહીની સમાજ સેવા દરેક ક્ષેત્રમા સંતોષ આપી રહી છે. જેમા મુકેશ સંઘાણીની દિર્ઘદ્રષ્ટિની સેવા સમાયેલ છે. આ તકે ચલાલાના લઘુ મહંત મહાવીર બાપુ, પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઈ ડેર, મનિષ સંઘાણી, મનિષાબેન રામાણી, શૈલેષ સંઘાણી, રાજેશભાઈ કાબરીયા, જયંતિભાઈ પાનસુરીયા, ભાવેશભાઈ સોઢા, સુરેશભાઈ શેખવા, રેખાબેન મોવલીયા, અમર ડેરીના ડો. આર.એસ. પટેલ, અરૂણભાઈ પટેલ, ભરતભાઈ પાડા, પૂર્વિબેન સોરઠીયા, જયશ્રીબહેન કાનાણી, નિતાબેન તંતી, સુનિતાબેન પરમાર, ભરતભાઈ બુટાણી, રેખાબેન આંબલીયા, ચાંદનીબેન નારોલા, તૃપ્તીબેન દોશી, પ્રકાશભાઈ કારીયા, સરમણભાઈ બારૈયા, ભરતભાઈ મકવાણા, વનરાજભાઈ કોઠીવાળ, અતુલભાઈ કાનાણી, મૌલીકભાઈ ઉપાધ્યાય, રાજેશભાઈ માંગરોળીયા, કાળુભાઈ પાનસુરીયા, દિનેશભાઈ ભુવા, વિપુલભાઈ દુધાત, તુષાર જોષી, ભગીરથભાઈ ત્રિવેદી, ચંદુભાઈ રામાણી, ચિરાગભાઈ ચાવડા, મજેદાર મસાલાવાળા સંજયભાઈ વણઝારા સહિત જિલ્લા પંચાયત–તાલુકા પંચાયત–નગર પાલીકાનાં પદાધિકારી અને સભ્યઓ વિશાળ સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતાં. તેમ સંસ્થાની અખબારી યાદીમા જણાવેલ છે.

### અમરેલી ખાતે આવેલ

## કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી

**પ્યુનથી પ્રિન્સિપાલ સુધીની જવાબદારી વિદ્યાર્થીઓએ નિભાવી**



અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે.પારેખ કોમર્સ કોલેજમાં દેશના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને બીજા રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસ નિમિત્તે ૫ મી સપ્ટેબર ૨૦૨૩ના રોજ સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

કોલેજનાં ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. એમ.એમ. પટેલ અને વાઈસ પ્રિન્સિપાલ ડો. એ.કે. વાળાએ આ શુભ દિવસની સૌને શુભકામનાઓ પાઠવી હતી. કોલેજનાં પ્રથમ વર્ષ બી.કોમ.થી તૃતીય વર્ષ બી.કોમ. અને પ્રથમ વર્ષ બી.બી.એ. થી તૃતીય વર્ષ બી.બી.એ. સુધીના તમામ વર્ગોમાં વિદ્યાર્થી ભાઈ– બહેનોએ ઉત્સાહપૂર્વક અભ્યાસ ક્રમ કરાવ્યો હતો. જેમાં વિશ્વા મકવાણા, સપના મોરી, ધ્રુવી બગડા, પાયલ કાલેણા, મિત્તલ રાઠોડ, હર્ષદ ચારોલા, નિર્મલ પરમાર, ક્રિશ કથીરિયા, હેવિંન ગંગલ, હિતેન સોલંકી, તનિષા ગોંડલીયા, બંસી ચોલેરા, રૂશાલી ઠુંમર, ઝરણા પાથર, જલ્પા ઘેલાણી, ભરત કુડેચા, મેહુલ બગડા, રોશન ખાવડીયા, જાનવી ગોંડલીયા, જાનવી મકવાણા, નિરાલી પાંડવ, માનસી વામજા, સુજાનબાનુ કુરેશી, વિધિ ભટ્ટ, અંજુમન મોગલ, માનસી મકવાણા, જૈમીન ગોસ્વામી, મીત અજુગિયા, કેયા માંજરીયા, આદર્શ શ્રીવાસ્તવ, મહેક જોશી, પરી મેતલીયા, ઈશિતા ચાવડા, હિતાંશી બોરડ, જતીન રાઠોડ વગેરેએ ભાગ લીધો હતો. પ્રિન્સિપાલ તરીકે જાનવી મકવાણા અને વાઈસ પ્રિન્સિપાલ તરીકે માનસી વામજાએ ફરજ નિભાવી હતી. આ તકે તમામ અધ્યાપકોએ ભાગ લેનાર વિદ્યાર્થી ભાઈ–બહેનોને આશીર્વચન પાઠવ્યા હતાં. કાર્યક્રમનું આયોજન અને સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા. જે.એમ. તળાવિયા, ડો. એ.બી. ગોરવાડિયા અને એન.સી.સી. ઓફિસર પ્રા. વી.જી.વસાવાએ કર્યુ હતું. તેમ આઈ.કયુ.એ.સી. કો–ઓર્ડીનેટર પ્રા.ભારતીબેન ફિણવીયાએ જણાવ્યું હતું.

### સાવરકુંડલા તાલુકાનાં

## વીજપડી ગામે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી

સાવરકુંડલા, તા. ૫

ડોકટર સર્વપલ્લી રાધાકૃષ્ણનાં જન્મદિવસ નિમિત્તે સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે આવેલ વી. ડી. નગદીયા હાઈસ્કૂલમાં ઉત્સાહભેર શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ તથા વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ શિક્ષકો તેમજ આચાર્યની ભૂમિકા ભજવી રસપૂર્વક અધ્યયન કરાવવામાં આવ્યું તેમજ મહત્વપૂર્ણ સંચાલન કરવામાં આવ્યું તેમજ સ્વચ્છતાનું મહત્વ સમજાવી તમામ વિદ્યાર્થીને શપથ લેવડાવ્યા. આ કાર્યક્રમને સફળ બનાવવા હાઈ સ્કૂલના પ્રિન્સિપાલ મનોજભાઈ જોશી તેમજ તમામ સ્ટાફગણ દ્વારા શિક્ષક દિન અને શિક્ષકનું મહત્વ દેશના સારા નાગરિકત્વ અને દેશના તમામ સફળ તાના શિખરો સર કરવામાં શિક્ષકની ભૂમિકા અંગે માહિતી અને માર્ગદર્શન પૂરૂં પાડી કાર્યક્રમને સમાપન કરવામાં આવ્યો હતો. એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે આવેલ ગાયત્રી વિદ્યાલયમાં શિક્ષક દિનની હર્ષભેર ઉજવણી કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીનીઓ દ્વારા તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સમગ્ર સ્કૂલમાં કલાસ લેવામાં આવ્યા તેમજ દેશના વિકાસમાં શિક્ષણનું મહત્વ અને જે શિક્ષકો દ્વારા અપાતું જ્ઞાન એનું મહત્વ પૂર્ણ શાળાના બાળકો દ્વારા આપવામાં આવ્યું. સમગ્ર સ્કૂલનું સંચાલન બાળકો દ્વારા કરવામાં આવ્યું. સારું કૌશલ્ય ધરાવતા બાળકો દ્વારા આજે શિક્ષક તરીકેની ભૂમિકા ભજવી અને શાળાના આચાર્ય રમેશભાઈ દ્વારા સંપૂર્ણ માહિતી અને માર્ગદર્શન પૂરૂં પાડે અને આવા કાર્યક્રમમાં બાળકો વધારે પ્રમાણમાં ઉત્સાહી અને સુદ્રઢ સંચાલન થઈ શકે એ હેતુસર ભાગ લેવા બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારીયાદીમાં જણાવાયું હતું.

### સાવરકુંડલા ગામે

## શ્રીમતિ વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજમાં શિક્ષકદિન ઉજવાયો

**૩૩ બહેનોએ ઉત્સાહથી ભાગ લીધો હતો**



સાવરકુંડલા, તા. ૫

ડો. હેડગેવાર સેવા સમિતિ સાવરકુંડલા નગર દ્વારા શ્રી સંસ્કાર વિદ્યાલયમાં અખંડ ભારત કબડ્ડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧ ટીમોએ ભાગ લીધેલ હતો. જેમાં કાણકીયા કોલેજની A ટીમનો ભવ્ય વિજય થયો હતો. જેમને શિલ્ડ અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા. તેમજ કબડ્ડી સ્પર્ધામાં ભાગ લીધેલ. બધી જ ટીમના ખેલાડીઓને છત્રપતિ શિવાજી મહારાજનો ફોટો આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. જેના મુખ્ય દાતા રસિકભાઈ વેકરીયા તથા હિરેનભાઈ વેકરીયા V.H.R.O. અને કબડ્ડી સ્પર્ધામાં રેફરી તરીકે બીપીનભાઈ રાઠોડ, પ્રકાશભાઈ સલખણા, દિગ્વિજયસિંહ ઝાલા, દિપકભાઈ વાળા રહ્યા હતાં. તેમજ ડો. હેડગેવાર સેવા સમિતિનાં દરેક કાર્યકરો ખુબ જ સારી રીતે સ્પર્ધામાં સહકાર આપ્યો હતો. તથા સ્પર્ધામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં જિલ્લા સહકાર્યવાહક જગદીશભાઈ ગોહિલ દ્વારા બધા જ ખેલાડીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું.

### ભગવાન સુંદર શ્યામનાં તિર્થધામ

## તુલસીશ્યામ તિર્થધામમાં કૃષ્ણ જન્મોત્સવનો થનગનાટ : ભાવિકોનો વહેતો અવિરત પ્રવાહ

**ગીરનાં આહલાદક વાતાવરણમાં પ્રકૃતિ અને પરમેશ્વરનું સાંનિધ્ય માણવા અસંખ્ય ભાવિકો ઉમટશે**



તુલસીશ્યામ, તા. ૫

ભગવાન સુંદર શ્યામના સ્વયંભુ તિર્થધામ તુલસીશ્યામ મંદિરે જન્માષ્ટમી ઉત્સવની ભાવભેર ઉજવણી થશે. ગોકુલ આઠમ તા. ૭ સપ્ટેમ્બરને ગુરૂવારે રાત્રે બારનાં ટકોરે ભારે હર્ષોલ્લાસ સાથે ભગવાન શ્યામનાં જન્મોત્સવનાં વધામણાં થશે. આ તકે હજજારો ભાવિકો ઉપસ્થિત રહેશે અને પ્રભુ શ્યામના રંગે રંગાશે. તુલસીશ્યામ તીર્થમાં સાતમ આઠમનાં પર્વોની શ્રૃંખલાના પ્રારંભ સાથે જ ભાવિકોનો અવિરત પ્રવાહ વહી રહ્યો છે.

ગીર સોમનાથ જિલ્લામાં ગીરના જંગલમાં આવેલ. આ તીર્થધામ ભગવાન સુંદર શ્યામનું સ્વયંભૂ સ્થાન છે. આથી આ તીર્થસ્થાનનું ધાર્મિક દ્રષ્ટિએ ગોકુલ મથુરા જેટલું જ ભાવિકોને મન મહત્વ રહેલું છે.! શ્યામ ભકતોમાં જન્માષ્ટમી ઉત્સવ ઉજવવાનો હરખ ચરમસીમાએ છે અને શ્યામ પરિવાર દ્વારા તૈયારીઓ હાથ ધરાઈ છે. અહિં સાતમ આઠમનાં પર્વોમાં સરેરાશ એક થી સવા લાખ દર્શનાર્થીઓની આવન જાવન રહેતી હોય છે. ગાંડી ગીરમાં આહલાદક વાતાવરણ વચ્ચે પ્રકૃતિ અને પરમેશ્વરનો અહિં સંયોગ માણવા મળે છે. આ તીર્થધામ ગરમ પાણીના પવીત્ર કુંડ માટે પણ જાણીતું છે. યાત્રા, પ્રવાસ માટે અહી લોકોનો અવિરત પ્રવાહ શ્રાવણ માસની શરૂઆતથી જ વહી રહ્યો છે. સાતમ આઠમના દિવસોમાં અહી માનવમેળો જામશે..! તુલસીશ્યામ મંદીર ટ્રસ્ટ દ્વારા યાત્રીઓની સેવા–સુવિધા માટે તૈયારીઓ ચાલી રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું **ધારી પોલીસ સ્ટેશન ટીમ**

પોલીસ ઈન્સ. એ.એમ. દેસાઈ તથા પોલીસ સબ.ઈન્સ એચ.જી. મારૂનાં માર્ગદર્શન હેઠળ ધારી પોલીસની સર્વેલન્સ ટીમ દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન મળેલ ચોકકસ બાતમી આધારે ધારી ટાઉન વિસ્તારમાં ધારીથી કુબડા જવાના જુના રસ્તે રેલ્વે પાટાથી આગળ દરગાહવાળી સીમમાં આવેલ મુનાભાઈ હારૂનભાઈ શેખની વાડીએ જવાના રસ્તે જાહેરમાં ગંજીપત્તાના પાના વડે હાર જીતનો જુગાર રમતા કેતનભાઈ મનસુખભાઈ મકવાણા, હનીફભાઈ કાદરભાઈ બ્લોચ, અરવિંદભાઈ ભુપતભાઈ પરમાર, કલ્પેશગીરી ઈશ્વરગીરી ગૌસ્વામી, ભાવીનભાઈ બાલાભાઈ ડાભી, દીલીપભાઈ વાસુરભાઈ માથાસુળીયા રે. તમામ ધારી વાળા છ ઈસમોને રોકડા રૂ. ૧૭,૬૦૦ સાથે પકડી પાડી, ઝડપાયેલા ઈસમો વિરૂધ્ધમાં ધારી પોલીસ સ્ટેશનના જુગાર ધારા હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **મીતીયાળા ગામે કુવામાં પડી ગયેલા**

કરી તેમને સુરક્ષિત રીતે બચાવી જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે લઈ જવામાં આવ્યો હતો.

આ બનાવમાં પ્રાપ્ત વિગત અનુસાર સાવરકુંડલા રેન્જના મીતીયાળા ગામે રહેતા અને ખેતી કરતાં ગોકુલભાઈ ગીગાભાઈ બગડા નામના ખેડૂતની વાડીમાં આવેલ ૭૫ ફૂટ ઊંડા કૂવામાં એક દીપડો ખાબકયો હતો. આ બનાવ અંગે વન વિભાગને જાણ કરવામાં આવતાં વન વિભાગ ઘટના સ્થળે પહોંચ્યું હતું અને વન વિભાગ દ્વારા દીપડાનું રેસ્કયુ કરી તેમને સુરક્ષિત રીતે કૂવામાંથી બહાર કાઢી બચાવી લઈ જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે લઈ જવામાં આવ્યો હતો.

### અવસાન નોંધ

**અમરેલી :** ગાવડકા નિવાસી હીરાબેન સુરેશભાઈ જોષી, (ઉ.વ.૬૩) તે સુરેશભાઈ જોષીનાં ધર્મપત્નિ તથા ઋષિત્વભાઈ તથા કલ્પેશભાઈનાં મમ્મીનું અવસાન થયેલ છે.

### માતૃશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર દ્વારા

## જરૂરિયાતમંદ લોકોને જન્માષ્ટમી પર્વ નિમિત્તે જીવન જરૂરિયાતની વસ્તુનું વિતરણ કરાયું

**મહાકાળી ચોક ખાતે જીવન જરૂરિયાતની વસ્તુઓની કીટનું વિતરણ કરવામાં આવ્યું**




સાવરકુંડલા, તા. ૫

જેમાં તહેવાર પ્રસંગે જરૂરી ખાધ સામગ્રી ખાઈ તથા બનાવી શકે. છાશ કેન્દ્રમાં આવતા પરિવારોને આ સહાય મધ જેવી મીઠી લાગી ભગવાન મહાવીરના અનુયાયી એવા ખેતાણી પરિવાર દ્વારા ખાસ કરીને આખા વર્ષ દરમિયાન સાવરકુંડલા શહેરનાં જરૂરિયાતમંદ લોકોને છેલ્લા છ વર્ષથી ૧૪૦૦ પરિવારને વિનામૂલ્યે છાશનું વિતરણ કરવામાં આવે છે. સાવરકુંડલા શહેરમાં આવેલ શ્રી તાત્કાલીક હનુમાનજી આશ્રમ તેમજ ઉતાવળા હનુમાનજી મંદિર અને જલારામ મંદિર ખાતે નિયમિત છાશ કેન્દ્ર ચાલે છે. આ છાશ કેન્દ્રનાં સંપૂર્ણ લાભાર્થી એવા મહાવીર સ્વામીનાં અનુયાયી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર દ્વારા જન્માષ્ટમી પર્વ પર જરૂરિયાતમંદ લોકોને માનવ સેવાનાં આ મહાયજ્ઞમાં રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

# આજે પ્રતાપ ખુમાણનો ૫૬મો જન્મદિવસ


સાવરકુંડલા ફ્રી પ્રેસ જર્નલિસ્ટ,
ક્ષત્રિય અગ્રણી, શૈક્ષણીક સંસ્થાનાં
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
પ્રતાપ ખુમાણનાં ૫૬માં જન્મ દિવસ,
૬ઠ્ઠી સપ્ટેમ્બર...
એક દિવ્યાંગ દીકરી દીપ્તિ ગજજરની દિલની લાગણી..
જન્મ દિવસના વધામણાં બાપુ સાહેબને.......
'ખુમાણ પરિવારની શાન, શૂરવીર તણી તાકાત,
માનવતાની મિસાલ છે બાપુ સાહેબ.
અમરેલી જિલ્લાના પત્રકાર જગતમાં એક..
અનોખું નામ છે, બાપુ સાહેબ,
બાપુ સાહેબ કે જેવો સનરાઈઝ સ્કૂલનાં ઘડવૈયા (સંસ્થાપક ) મેનેજીંગ ટ્રસ્ટી છે.



સનરાઈઝ સ્કૂલ એ સાવરકુંડલા તાલુકાની એવી એક સ્કૂલ છે, સાહેબ કે જયાં શિક્ષા–સંસ્કાર અને જ્ઞાનનો ત્રિવેણી સંગમ છે, ત્યાં શિક્ષા તો સારી મળેજ છે... સાથે સાથે ડિસિપ્લિન પણ ખરી જ. વિવિધ કલા જેવીકે સંગીત, ડાન્સ, નાટક, રમત–ગમત, વગેરે ક્ષેત્રમાં રૂચિ પણ વિદ્યાર્થિઓમાં જાગૃત કરાય છે. સનરાઈઝ સ્કૂલમાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીને બાપુ સાહેબ પોતાના જ દીકરા, દીકરીની જેમ રાખે છે તથા સ્કૂલના દરેક સ્ટાફને પોતાના ઘરના સભ્યોની જેમ સાચવે છે. ત્યાં નાનામાં નાના માણસને પણ એડમિશન મળે છે. ત્યાં શિક્ષા માટે લોકોને બાપુ સાહેબ આર્થિક મદદ પણ કરે છે અને એટલુંજ નહિ સાહેબને ત્યાંથી જેવિદ્યાર્થી ભણતર પૂરૂં કરીને કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધે તે માટે બાપુ સાહેબ બહુ જ સપોર્ટ કરે છે. કહે છે ને સાહેબ કે કોઈ પણ કામયાબી પાછળ કોઈ દેવદૂતનો સાથ હોય છે અને ભગવાને અમારા બાપુ સાહેબને દેવદૂત તરીકે મોકલ્યા છે. બાપુ સાહેબનો સ્વભાવ એકદમ સરળ અને જીવન સાદગી ભર્યું છે. બાપુ સાહેબે ગઈ ૩૦ ઓગસ્ટના રોજ રક્ષાબંધનના તહેવારને સાવરકુંડલા ખાતે આવેલ 'ગિરધર ઘર' વૃધ્ધાશ્રમના વડીલોની સેવા કરી, નિઃસહાય બહેનોને, પોતાની જ મોટી બહેનો માની રાખડી બંધાવી રક્ષાબંધનના પર્વની ઉજવણી કરી અને સમાજમાં એક અનોખી પહેલ કરી. એક જાગૃત શિક્ષક અને કર્મનિષ્ઠ પત્રકાર બાપુ સાહેબે સાવરકુંડલાની ઘણી શાળામાં જઈ અને ત્યાંના બાળકોને મળતા શિક્ષણની માહિતી મેળવી અને જે શાળામાં શિક્ષણનો અભાવ હતો તે શાળાનાં ઘણા બધા વિદ્યાર્થીઓને દત્તક લઈ પોતાની શાળામાં તદ્દન નિશુલ્ક ગુણવત્તાયુકત શિક્ષણ પુરૂં પાડી રહ્યાં છે. હું દિપ્તી ગજ્જર, હું દિવ્યાંગ છું સાહેબ..
છેલ્લા દસેક વર્ષથી કવિતાઓ લેખો બહુ લખું છું.
મેં બહુ ઘણા મોટા મોટા લોકોને રિકવેસ્ટ કરી કે સાહેબ તમે મારી કવિતાઓ શેર કરો ને તમારી તો બહુ ઓળખાણ છે. મારી કવિતા છાપો ને....! પણ બધેથી નિરાશા જમળી.
કહે છે ને સાહેબ કે તમારામા કંઈક ખૂબી હોય તો તેને
દુનિયા સમક્ષ દેખાડવી પડે પણ,
હું તો ચાર દીવાલો વચ્ચે જીવન પસાર કરૂ છું.
હું ચાલી શકતી નથી... સાહેબ.

મેં નિરાશ થઈ છેલ્લા એકાદ વર્ષથી લખવાનુ છોડી દિધુ હતું ઈરને ફરીયાદ કરતી કે, મારી કવિતાનું દર્દ કોણ સાંભળશે,

એક દિવસ મારે બાપુ સાહેબ સાથે ફોન પર સંપર્ક થયો મે મેસેજ કર્યો અને કહ્યું કે હું કવિતાઓ લખું છું, પણ કોઈ મારી કવિતા છાપતું નથી. મે મારી જૂની કવિતાઓ મોકલી અને બાપુ સાહેબે બીજા જ દિવસે મારી કવિતાઓને દરેક પેપરમાં મારા ફોટા સાથે પ્રસિદ્ધ કરાવી અને પેપર પણ તદ્દન ફ્રી મને ઘરે મોકલી આપે છે. સાહેબ મેં ખાલી બાપુ સાહેબને એટલું જ કહ્યું હતું કે બાપુ સાહેબ મારી કવિતા સારી લાગે તો તેમાં અમી વરસાવજો પણ બાપુ સાહેબે તો અમી રસનો ધોધમાર વરસાદ મારા પર વરસાવી દિધો. એક દિવ્યાંગ દિકરીની જે કવિતાઓમાં કરૂણતા હતી તે ફકત બાપુ સાહેબે જાણી અને આજે મારી કવિતાઓ લાખો લોકો વાંચે છે. મારી નિરાશામાં આશાની કિરણ જગાવનાર બાપુ સાહેબ છે. ઈરે આવા મહાન વ્યકિત સાથે મારો સંપર્ક કરાવ્યો. હું હજી સુધી બાપુ સાહેબ પ્રતાપભાઈ ખુમાણને રૂબરૂ તો મળી જ નથી..!! બાપુ સાહેબ બહુ મહાન છે.ત્યારે આજે બાપુ સરનાં ૫૬માં જન્મ દિવસે આ દિવ્યાંગ દીકરી તેમનાં તંદુરસ્ત અને શતાયું આયુષ્યની પ્રાર્થના માતાજીનાં ચરણોમાં કરે છે...



**લી. દિપ્તી ગજજર**
દિવ્યાંગ
ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજની
વાડી પાસે,
સાવરકુંડલા.
મો. ૯૯૦૯૩ ૦૮૮૨૯

## બાળકોને દૂરનું જોતાં અને વિચારતા કરે તે શિક્ષક

# ભારતનું ભાવી ગણાતા બાળકોનાં ઘડતરમાં શિક્ષકોનો અમૂલ્ય ફાળો છે : કલેકટર દહિયા

## જિલ્લાનાં ૮ જેટલા શિક્ષકોને પારિતોષિક અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું

અમરેલી, તા. ૫

ભારતનાં પ્રથમ ઉપરાષ્ટ્રપતિ, મહાન શિક્ષક, તત્વ અને સ્વપ્નદ્રષ્ટા ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી છે. સમગ્ર ભારતમાં આ દિવસ શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જિલ્લા કલેકટર અજય દહિયાનાં અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવની ઉપસ્થિતિમાં અમરેલી સ્થિત શ્રીમતી એસ.એસ.અજમેરા ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે જિલ્લાકક્ષાનાં શિક્ષક દિન ઉજવણી કાર્યક્રમ યોજાયો હતો.





જિલ્લાનાં ૧ અને તાલુકાનાં ૭ સહિત કુલ ૮ શ્રેષ્ઠ શિક્ષકોને તેમની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ પારિતોષિક અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. દામનગર પ્રાથમિક શાળાના શિક્ષક આર.ડી. હેલૈયાને સંજીવની હેલિકોપ્ટર પ્રોજેકટ માટે જિલ્લાકક્ષાનો શ્રેષ્ઠ પારિતોષિક અર્પણ કરવામાં આવ્યો હતો. રાભડા (રાજુલા) પ્રાથમિક શાળાના શિક્ષક ગૌરવભાઈ એન.પટેલ, કડીયાળી (રાજુલા), પ્રાથમિક શાળાનાં શિક્ષક જિગ્નેશભાઈ મકવાણા, હીરાણા (લાઠી), પ્રાથમિક શાળાનાં શિક્ષક બી.જે. ગોરવીયાળા, ગમા પીપળીયા (બાબરા), પ્રાથમિક શાળાનાં શિક્ષક નિલેશભાઈ મુલાણી, મીતીયાળા (જાફરાબાદ), પ્રાથમિક શાળાના શિક્ષક આર.ડી.કટકીયા (રઘુભાઈ રમકડું), ખાંભા પ્રાથમિક કન્યા શાળાનાં શિક્ષક વૈશાલીબેન જાવીયા, તાલડા (ખાંભા), પ્રાથમિક શાળાના શિક્ષક સારિકાબેન વણપરિયાને તાલુકાકક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક અર્પણ કરવામાં આવ્યો હતો. જિલ્લા અને તાલુકા કક્ષાએ શિક્ષણ ક્ષેત્રમાં વિવિધ ઉત્કૃષ્ટ પદ્ધતિથી બાળકોનું ભાવિ નિર્માણ કરનાર શ્રેષ્ઠ શિક્ષકોને તેમની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મહાનુભાવોનાં હસ્તે નગર શિક્ષણ સમિતિ–અમરેલી સંચાલિત ઈ–મેગેઝિનનું વિમોચન કરવામાં આવ્યું હતુ.

જિલ્લાકક્ષાનાં શિક્ષક દિનની ઉજવણીનાં કાર્યક્રમને સંબોધન કરતાં જિલ્લા કલેકટર અજય દહિયાએ જણાવ્યુ કે, શિક્ષકો અને ગુરૂજનોનું સ્થાન એ સર્વોચ્ચ છે, તેમનું પદ પરમ છે. ઘણી એવી શાળાઓ છે જયાં માત્ર એક શિક્ષકે જ શાળા અને શાળાની શિક્ષા પદ્ધતિમાં કાયાપલટ કરી છે. શિક્ષકોની ક્ષમતાઓ અપાર છે. આજે જે વિદ્યાર્થી છે તે ભવિષ્યમાં કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવે ત્યાં એ પોતાનાં ગુરૂજનોને મનથી યાદ કરીને તેમને વંદન અને સન્માન કરતો હોય છે. બાળકોને દૂરનું જોતાં અને દૂરનું વિચારતા શિખવે તે શિક્ષક છે. વધુમાં તેમણે જણાવ્યુ કે, આજે ડિજિટલ શિક્ષાનો વિકાસ થયો છે. ત્યારે આપણે એ જોવું રહેશે કે, ડિજિટલ શિક્ષાની સાથે સાથે બાળકોનું ધ્યાન પુસ્તકો પર પણ હોય અને એ રીતે ડિજિટલ શિક્ષાને અપનાવવામાં આવે. ઉત્કૃષ્ટ યોગદાન આપનાર સર્વશ્રેષ્ઠ શિક્ષકોને જિલ્લા કલેકટર દહિયાએ બિરદાવ્યા હતાં. જ્ઞાનસાધના મેરિટ સ્કોલરશિપ સ્પર્ધા અને અન્ય સ્પર્ધામાં બેસ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભાવિ માટે શુભકામનાઓ પાઠવીને અભિનંદન આપ્યા હતા. આ તકે જિલ્લા કલેકટર દહિયાએ પોતાનાં શાળાકીય અને કોલેજ સમયનાં અનુભવોનાં સંસ્મરણો વાગોળ્યા હતાં.

જિલ્લાકક્ષાનાં શિક્ષક દિનની ઉજવણી કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ, અમરેલી નગર શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષારભાઈ જોષી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સંઘનાં સર્વે હોદ્દેદારો, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મિયાણી, શિક્ષણ અધિકારી લતાબેન ઉપાધ્યાય, જિલ્લા પ્રાથમિક શિક્ષણ મદદનીશ અધિકારી સોલંકી અને બહોળી સંખ્યામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહિતનાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## રાજ્યના શિક્ષણ અંગે મોટા સમાચાર

# રાજયના દરેક જિલ્લામાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર બનશે

## આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી ડેટાનો અભ્યાસ કરવામાં આવશે

## વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ઓનલાઈન હાજરી નોંધવામાં આવશે

ગાંધીનગર, તા.૫

વધુ ગુણવત્તાસભર બનાવવા રાજય સરકાર વધુ એક પ્રયાસ હાથ ધરશે. ગુજરાતના દરેક જિલ્લામાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર બનશે. ગાંધીનગર સ્થિત વિદ્યા સમીક્ષા કેન્દ્ર અંતર્ગત દરેક જિલ્લામાં કેન્દ્ર બનશે. આ વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં શિક્ષકો માટેની કામગીરી કરવામાં આવશે.

વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં ઓનલાઈન રીયલ ટાઈમ મોનીટરીંગની વિગતો મેળવવામાં આવશે તેમજ શિક્ષણનું ઓનલાઈન સર્વગ્રાહી મોનીટરીંગ થશે.

આ ઉપરાંત શિક્ષકોની નિયમિત હાજરી અંગે નજર રખાશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજીના ઉપયોગથી શાળા અને શિક્ષણના ડેટા એકત્ર થશે. દર વર્ષે લગભગ ૫૦૦ કરોડથી વધુ ડેટા એકત્ર થશે. આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી ડેટાનો અભ્યાસ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ઓનલાઈન હાજરી નોંધવામાં આવશે. વિદ્યા સમીક્ષા કેન્દ્રથી દરેક ધોરણનું પરિણામ સુધરશે તો ગુજરાતમાં વિદ્યા કેન્દ્રથી શિક્ષણનું સ્તર વધશે. શિક્ષકો અને વિદ્યાર્થીઓનું કામ ડિઝીટલ બનશે. વિદ્યાર્થી ગેરહાજર કે હાજર તેની ખબર પડી જશે.

# મગફળીનાં પાકમાં સફેદ ધૈણની ઈયળો અને જીવાતનાં સંકલિત નિયંત્રણ માટે પગલા લેવા ખેડૂતોને ભલામણ

અમરેલી તા.૫

ચાલુ ખરીફ ઋતુમાં મોટે ભાગે સૌરાષ્ટ્ર વિસ્તારમાં અગત્યના ખેતી પાક મગફળીમાં ધૈણ નામની જીવાતનો ઉપદ્રવ સામાન્ય રીતે જોવા મળવાના અહેવાલ છે. જે મગફળી પાકને નુકશાન પહોંચાડે છે. મગફળીનો છોડ સૂકાઈ જતાં મોટા ખાલા પડે છે. સંકલિત જીવાત નિયંત્રણ માટે આ મુજબ પગલા લેવા ખેડૂતોને ભલામણ કરવામાં આવે છે.

**૧) મગફળી ચાસમાં આપવાની માવજત :** જીવાતનો ઉપદ્રવ ઓછો હોય ત્યારે જૈવિક જંતુનાશકો જેવી કે, મેટારીઝીયમ એનીસોપ્લી અથવા બ્યુવેરીયા બાસીયાના ૧.૧૫ વે.પા (ન્યુનતમ ૨ બાય ૧૦૬ સીએફયુ/ગ્રામ) વાવેતર પહેલા અથવા ઉગવાના ૩૦ દિવસ પછી ૧ કિગ્રા ૩૦૦ કિગ્રા દિવેલી ખોળ સાથે ભેળવી છોડની હરોળમાં આપવી.

આ બંને જૈવિક જંતુનાશકો જમીનમાં આપતા સમયે ભેજ હોવો આવશ્યક છે. ધૈણનો ઉપદ્રવ વધારે હોય તો બજારમાં મળતા રાસાયણિક જંતુનાશકો કલોરપાયરીફોસ ૧૦જી હેકટરે ૧૦ થી ૧૫ કિગ્રા ચાસમાં વાવેતર પહેલા આપવું. **૨) વાવેતર પછી નિયંત્રણના પગલા :** જીવાતનો ઉપદ્રવ ઓછો હોય ત્યારે કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી.૨૫ થી ૩૦ મી.લી.દવા પ્રતિ ૧૦ લીટર પાણીમાં મિક્ષ કરી પંપની નોઝલ કાઢી મગફળીના મૂળ પાસે પડે અને જમીનમાં ઉતરે તે રીતે રેડવું, ઉભા પાકમાં આ જીવાતનો ઉપદ્રવ જોવા મળે તો કલોરપાયરીફોસ ૨૦ ઈ.સી. અથવા કવીનાલફોસ ૨૫ ઈ.સી. હેક્ટરે ૪ લીટર પ્રમાણે પિયત પાણી સાથે આપવાથી સાઢ નિયંત્રણ મળે છે.

ચોમાસામાં મગફળીમાં પિયત ન આપવાનું હોય ત્યારે આ જીવાતના નિયંત્રણ કરવા માટે કલોરપાયરીફોસ ૪ લીટર દવા ૫ લીટર પાણીમાં ઓગાળી આ મિશ્રણને ૧૦૦ કિલો જીણી રેતીમાં ભેળવી ત્યારબાદ રેતી સૂકવી, આ રેતી એક હેકટર વિસ્તારમાં છોડના થડ પાસે પુખવી ત્યારબાદ જો વરસાદ ન હોય તો હળવું પિયત આપવું.

મીથોકસી બેન્જીન નામનું રસાયણ બજારમાં ઉપલબ્ધ છે જે આ જીવાતના એગ્રીગેશન એટલે કે બધા પુખ્ત એકઠા કરવાના ફોરોમોન તરીકે કામ કરે છે તેનો ઉપયોગ કરી ઢાલિયાની વસ્તીને કાબૂમાં રાખી શકાય છે. વધુ જાણકારી માટે ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, કે.વી.કે, ખેતી અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક ( વિસ્તરણ અને તાલીમ ) અથવા કિસાન કોલ સેન્ટર નં. ૧૮૦૦૧૮૦૧૫૫૧નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## અનુજ પટેલ ગુજરાત પરત આવશે

# CM ભૂપેન્દ્ર પટેલના પુત્ર અનુજ પટેલની તબિયતમાં સુધારો

## બ્રેઈન સ્ટ્રોકના કારણે મુંબઈમાં અનુજ પટેલની સારવાર ચાલી રહી હતી

અમદાવાદ, તા.૫


ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દીકરા અનુજ પટેલની તબિયતમાં સુધારો થતાં તેમને ગુજરાત લાવવામાં આવશે. અનુજ પટેલની તબિયતમાં સુધારો થતાં મુંબઈ ખાતેથી અમદાવાદ લાવવામાં આવશે. અત્રે જણાવી દઈએ કે, બ્રેઈન સ્ટ્રોકના કારણે મુંબઈમાં અનુજ પટેલની સારવાર ચાલી રહી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પુત્ર અનુજ પટેલની તબિયતમાં સુધારો થયો છે. ત્યારે અનુજ પટેલને આજે ગુજરાત પરત લાવવામાં આવશે. બ્રેઈન સ્ટ્રોકના કારણે મુંબઈમાં તેમની સારવાર ચાલી રહી હતી, ત્યારે તેમની તબિયતમાં સુધારો થતાં તેમને અમદાવાદ ખાતે લાવવામાં આવશે. રિકવરી આવ્યા બાદ ત્રણ મહિને અનુજ પટેલ ઘરે પરત ફરશે. આજે મોડી સાંજ સુધીમાં ઘરે પહોંચશે અને ઘરે જતા પહેલા અડાલજ ત્રિમંદિરમાં CM દર્શન કરશે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દીકરા અનુજને બ્રેઈન સ્ટ્રોક આવતા ત્રણ મહિના અગાઉ અમદાવાદના વૈષ્ણવદેવી સર્કલ પાસેની કેડી હોસ્પિટલ ખાતે દાખલ કરાયા હતા. જ્યાં તેમનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વધુ સારવાર માટે મુંબઈ ખાતે ખસેડવામાં આવ્યા હતાં.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# અત્રિ અનસૂયા

## આપણા ઋષિઓ...



સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા
સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક



'અનસૂયાના તપોનિષ્ઠ વ્યકિતત્વથી જાણે જગત આખું ઉજળુ છે. એવું અનુભવતા દેવો અત્રિ કરતાં અનસૂયાને વધુ મહિમાવંત માનવા લાગ્યા. ત્યારે ઉદારચરિત અત્રિએ પત્નીની સિદ્ધિ માટે ગૌરવ અનુભવ્યું છે. અત્રિને કયારેય અનસૂયાની ઈર્ષા જાગી નથી અને અનસૂયાએ કયારેય પતિસેવાનાં આદર્શને અવગણ્યો નથી. બંને વિશ્વકલ્યાણનાં પોતાનાં ધ્યેયને આંબવા કાર્ય–રત રહયાં છે. કેવું સાયુજય !

એક એવી પણ કથા છે કે અનસૂયાનાં સતીત્વની પરીક્ષા કરવા ત્રિદેવો બ્રાહ્મણવેશે આવ્યા અને અનસૂયાએ નગ્નવેશે જ ભિક્ષા આપવી એવો દુરાગ્રહ રાખ્યો. અનસૂયાએ શરત સ્વીકારી અને પોતાનાં તપોબળથી ત્રણેય દેવોને બાળસ્વરૂપ બનાવી દીધા. આખરે ત્રિદેવોએ પોતાનાં મૂળ સ્વરૂપમાં આવવાની વિનંતી કરવાનો વખત આવ્યો.

જે દેવોની ઝાંખી કરવા મહર્ષિઓ તપ કરવામાં જિંદગી પસાર કરી નાખે છે.યોગીઓ ધ્યાનગમ્ય બને છે.

યોગવિદ્યાનો આશરો લે છે, ભકતજનો જેમની ચરણરજ શિરે ચડાવવા ઝંખે છે. તે દેવાધિદેવો ભગવતી અનસૂયા અને તપોનિધિ અત્રિનાં આસમે બાળકો બની રમે છે. આ છે અત્રિ – અનસૂયાનાં પરમમાંગલ્યમય વ્યકિતત્વનો પુરાવો.

'રામાયણ'માં ઉલ્લેખ છે કે શ્રીરામ વનવાસનાં ચૌદમાં વર્ષમાં ચિત્રકુટ નજીકનાં અત્રિઋષિનાં આશ્રમે ગયા હતા. અત્રિએ રામનું યથોચિત સ્વાગત કર્યુ અને દંડકારણ્યનો માર્ગ દર્શાવ્યો.

અત્રિનાં આતિથ્યથી ધન્યતા અનુભવતા રામે અત્રિ પાસેથી લોકકલ્યાણના આદર્શોનું જ્ઞાન મેળવ્યું હતું અને અનસૂયાએ સીતાને પતિભકિતનો ઉપદેશ આપ્યો હતો.

રામ–સીતા અત્રિ આશ્રમે આવ્યાં ત્યારે અત્રિ–અનસૂયા ઘણાં વૃદ્ધ હોવા છતાં તેમનાં આતિથ્યમાં ઉણપ ન હતી. શિષ્યોને વિદ્યાદાન આપવામાં તેઓ કાર્યરત હતા. રામને અનસૂયાની ઓળખ આપતા અત્રિનાં શબ્દો તો જુઓ : "મહાભાગ તાપસી ધર્મચારિણી ! કેટલું સૌજન્ય ! અને અનસૂયાનું તપોબળ પણ કેટલું સક્ષમ ! દસદસ વર્ષનાં દુકાળ વખતે અનસૂયાનાં તપપ્રભાવે ધરતી લીલીછમ બની રહી.

નદી–નાળા છલકાયાં દેવોને મદદ કરવા દોડી જતાં અનસૂયાની પરોપકારવૃતિ માટે ગૌરવ અને સંતોષ અનુભવતા અત્રિ રામને કહે છે : "અનસૂયા મારી માતા સમાન છે. જેણે ક્રોધ અને તિરસ્કારને વશમાં લીધા છે. અનસૂયા સૌકોઈનાં પ્રેમની અધિકારિણી છે. તે તેના નામ પ્રમાણે જ કોઈની અસૂયા– ઈર્ષા કરતી નથી. તમે વૈદેહીને તેની પાસે ઉપદેશ ગ્રહણ કરવા મોકલ્યો."

અયોધ્યાનાં વેરઝેર, જીદ, જડતા, ઈર્ષા, અદેખાઈ, ખટપટ અને રાજકારણની ગંદી ચાલબાજીમાંથી જન્મતી હિંસાવૃતિમાંથી બહાર નીકળીને અહી અત્રિઆશ્રમનાં સ્વચ્છ વાતાવરણમાં આવેલા રામે ખુબ હળવાશ અનુભવી, કારણ કે અહીં કેવળ પ્રેમ અને મૈત્રીનું વાતાવરણ મહેકતું હતું.

રામે સીતાને અનસૂયા પાસે મોકલ્યાં, અનસૂયા કેવાં દેખાતા હતાં ?

'શિથિલ વલિથં વૃદ્ધ જરાપડરમુર્ધજમ।

સતત વેપમનાંગી પ્રવથે કદ્રલિં યથા॥

'અતિવૃદ્ર, કરચલીઓથી ભરેલી ચામડીથી ભરપુર, સફેદ વાળ અને તોફાની પવનમાં ફાંગોળાતી વેલા જેવાં દેખાયાં."

સીતાએ કરેલા ત્યાગથી ખુશ થેલા અનસૂયા કહે છે :

સીતાએ કરેલા ત્યાગથી ખુશ થયેલાં અનસુયા કહે છે. :

"હે પુત્રી ! પતિથી વિશેષ વિશ્વમાં કશું નથી."

અનસુયાએ પોતાની પાસે હતાં તે રત્નો, પોશાકો વગેરે ખુબ ખુશી સાથે સીતાને ભેટ આપ્યાં.

આપણને પ્રશ્ન થાય કે રામ અને અત્રિ વધારે નસીબદાર કે સીતા અને અનસૂયા ?

અગત્યની વાત એ છે કે અત્રિ અને અનસુયા બંને નિઃસ્પૃહી, વૈરાગી, સંતોષી અને આનંદપુર્ણ હતાં અને સુખી ગૃહસ્થાશ્રમની આ ચાવીઓને હાથવગી રાખતાં. વ્યાવહારિક કામો આટોપવા સાથે સ્વાધ્યાયના રસને જીવતો રાખવાનું સૂચવતાં અત્રિ – અનસૂયા પ્રસાદી નથી રહયાં, પણ જીવનવિકાસ માટે મનનમાં નિમગ્ન રહયાં છે. એમની પાસે વિચારશકિતની અને વિવેકની અઢળક મુડી હોવાથી એમનાં જીવનનો સતત વિકાસ થતો રહયો છે.

અત્રિ અનસૂયા એટલે 'ધન્યો ગૃહસ્થાશ્રમઃ ' ની જીવતીજાગતી વ્યાખ્યા.

આપણે દેશની સભ્યતા, સંસ્કૃતિમાં આદર્શ જીવન, આદર્શ લગ્નજીવન માટે રામ–સીતાને આદર્શ ગણીએ છીએ, પરંતુ યાદ રહે, ભગવાન રામચંદ્ર અને જાનકીને દાંપત્યસ્નેહનો સાચો ખ્યાલ આપનાર અત્રિ–અનસૂયા છે.

"મહાભારત'માં પણ અત્રિઋષિનો માનવંતો ઉલ્લેખ છે. દ્રોણ કૌરવસેનાનાં સેનાપતિ તરીકે યુધ્ધરમણે ચડયા હતા. યોદ્ધાઓનાં સંહારને કારણે શબોનાં ઢાગા ખડકાયા. લોહીની નદીઓથી ભીષણતા સર્જાઈ હતી. દ્રોણ નિર્દય નાયક બનીને **(સૌજન્ય આપણાં મહાન ઋષિઓ : ક્રમશઃ)**

# પ્રકૃતિ પ્રેમી, દરિદ્રતા નાશક, શરણાગત રક્ષક અને અખિલ બ્રહ્માંડના નાથ શ્રીકૃષ્ણના દિવ્ય અવતરણનું મહાપર્વ જન્માષ્ટમી

આજથી લગભગ ૫૨૦૦ વર્ષ પૂર્વે દ્રાપર યુગના શ્રાવણ માસના કૃષ્ણ પક્ષની આઠમના દિવસે,રોહિણી નક્ષત્રમાં મધ્યરાત્રીએ મથુરાના કારાવાસમાં માતા દેવકીના કુખે આઠમા સંતાનનો જન્મ થાય છે.

અગાઉના સાત સાત શિશુઓને ક્રૂર રીતે વધ કરી નાખનાર કંસના ભયથી થર થર કાપતા વાસુદેવ મેઘલી રાતે અનરાધાર વરસાદમાં નાના બાળને વાંસની ટોપલીમાં સુવડાવી પોતાના કાળજાના કટકાને બે કાંઠે વહેતી નદી પસાર કરાવે છે ત્યારે વાસુદેવને સ્વપનેય ખ્યાલ નહીં હોય કે જેમના જીવની રક્ષા કાજે જેમને હું મારા માથા પર વાંસની ટોપલીમાં સુવડાવી જઈ રહ્યો છું એ સામાન્ય બાળક નથી પણ સમગ્ર બ્રહ્માંડનો ભાર એકલ પંડે વહન કરી શકે એવી અપાર – અમાપ શક્તિ ધરાવતો ખુદ અખિલ બ્રહ્માંડનો નાથ છે.

આજ બાળ મથુરાનો ક્રૂર શાસક કંસનો તો કાળ છે જ. સાથે સાથે આ સૃષ્ટિ ઉપર નિર્દોષોને રંજાડનાર, સમાજ માટે આતતાયી બનેલા ક્રૂર લોકોનો પણ કાળ છે. આમ ભગવાન વિષ્ણુના અવતારસમા કૃષ્ણનું અનિતી – અન્યાયરૂપી અંધકારનો નાશ કરવા અને પુન : ધર્મનું સ્થાપન કરવા સૃષ્ટિ ઉપર દિવ્ય અવતરણ થાય છે.

કૃષ્ણનું પૃથ્વી પરનું



## પ્રાસંગિક

અવતરણ એટલે ધર્મ પ્રકાશ, જ્ઞાન, સત્યનો જન્મ.અનેક સંજોગો પરિસ્થિતિનું જે ભવિષ્યમાં નિર્માણ થવા જઈ રહ્યું છે એ માટે જ તેઓએ પૃથ્વી લોક પર જન્મ ધારણ કરેલ. ભગવાન કૃષ્ણમાં ગુણોનો ભંડાર છે. તેઓનું વ્યક્તિત્વ આપને જીવનમાં ડગલેને પગલે પ્રેરણા પૂરી પાડે છે.

ભગવાન કૃષ્ણ ફક્ત આપણા દેશ પૂરતા જ નહીં પરંતુ તેમના ચુંબકીય અને અનેરા વ્યક્તિત્વને લઈને વિના અન્ય દેશોમાં પણ શ્રદ્ધા – વિસનું કેન્દ્ર રહ્યા છે.

કૃષ્ણએ જીવનપર્યત પ્રપંચ,કપટ કાવાદાવાનો સામનો કર્યો છે પરંતુ પોતાનામાં રહેલી કળા – કૌશલ્ય,નીડરતા જેવા ગુણોને લઈને આવી દરેક બાબતો ને મ્હાત આપી વિપરીત સંજોગોને પણ પોતાની તરફેણ સાનુકૂળ કરી દીધેલ. જીવનમાં કોઈ પણ બાબત પ્રત્યે તેઓને રજ માત્ર પણ મોહ, માયા કે આસક્તિ રહેલ નથી, આમ ભગવાન કૃષ્ણ જીવન પર્યત ત્યાગની મૂર્તિ રહેલ.કારણ કે જેટલી વસ્તુ કૃષ્ણથી છૂટી એટલી વસ્તુ અન્ય કોઈથી છૂટી નથી.જેમકે કારાવાસમાં જન્મ થયો, પરંતુ જન્મ થતાં જ માતા – પિતાનો સાથ છૂટયો. બાલ્ય અવસ્થામાં મિત્રોનો સાથ છૂટ્યો,રાધાજીછૂટયા,ગોકુળ છુટયું, મથુરાછુટયું.

આમ છતાં કૃષ્ણ કયારેય હારતા, તૂટતાં, નિરાશ થતાંકે હતોત્સાહ થતા નજરે નથી પડતા. આમ ભગવાન કૃષ્ણ પરિસ્થિતિ અને સંજોગો અનુરૂપ જીવન જીવવાની પ્રેરણા પુરી પાડે છે. ભગવાન કૃષ્ણ દ્વારા આપવામાં આવેલ ગીતાનું જ્ઞાન આજે પણ એટલું જ પ્રાસંગિક છે જેટલું પાસ હજાર વર્ષ પૂર્વે હતું.

ભગવાન કૃષ્ણના વ્યક્તિત્વને સમજવાથી જાણે કે આપણને જીવનના દરેક સવાલોનો જવાબ મળી જાય છે. ત્યારે સામાજિક ક્રાંતિકારી, યુગપુરૂષ, પ્રકૃતિ પ્રેમી, શરણાગત રક્ષક, અખિલ બ્રહ્માંડના નાથ એવા દેવકીનંદન ભગવાન કૃષ્ણના દિવ્ય અવતરણના પાવનપર્વે પરમ કૃપાળુના ચરણકમલમાં વંદન... જય શ્રી કૃષ્ણ.

**ખુમાણ દિલુભાઈ. એમ.**
**હાથસણી**

## છેલ્લા ૨૦ વર્ષથી જનતાને માત્ર હથેળીમાં ચાંદ જ બતાવાયા

# અમરેલીની બ્રોડગેજ રેલ્વે આગામી સાંસદ નક્કી કરાવશે

**ગુજરાતની સરખામણીમાં સૌરાષ્ટ્રને અને સૌરાષ્ટ્રની સરખામણીમાં અમરેલી જિલ્લાને હંમેશા અન્યાય જ કરાયો**

**જિલ્લાનાં કદાવર નેતાઓ તેમને નેતા બનાવનાર જનતાને ભુલીને અન્ય કાર્યોમાં વ્યસ્ત બની ગયા**

**પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધી ભાજપનું શાસન છતાં પણ વિકાસનાં ફળ ચાખવા જનતાને રાહ જોવી પડે છે**

**સમગ્ર દેશમાં એકાદ માત્ર અમરેલી એવું જિલ્લા મથક હશે કે જેને બ્રોડગેજ રેલ્વેની સુવિધા મળી નથી**

અમરેલી, તા. ૫

સમગ્ર ભારતદેશમાં આઝાદીનાં અમૃતકાળની ઉજવણી થઈ રહી છે. સત્તાધારી પક્ષનાં આગેવાનો પોતાની સરકારે દેશને વિશ્વગુરૂ બનાવી દીધાનો દાવો કરે છે, પાંચ ટ્રીલીયનની ઈકોનોમીનાં સપના દર્શાવે છે. વર્ષ ૨૦૪૭માં ભારત વિકાસશીલ નહી પરંતુ વિકસિત દેશ બની જશે તેવા સપનાઓ દર્શાવી રહ્યા છે.

દરમિયાનમાં રાજયને પ્રથમ મુખ્યમંત્રીની ભેટ આપનાર ડો. જીવરાજ મહેતાની જન્મભૂમિ ગણાતા અમરેલીને બ્રોડગેજ રેલ્વેની સુવિધા મળી નથી. જિલ્લાની જનતા છેલ્લા ૨૦ વર્ષથી બ્રોડગેજ રેલ્વેની સુવિધા માંગી રહી છે. અનેકવિધ રજૂઆતો, આંદોલનો કર્યા છતાં પણ એક પણ ટોચના નેતા અમરેલીની જનતાની વ્યાજબી માંગ પૂર્ણ કરી શકયા નથી.

દરેક વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસનાં ઉમેદવાર દાવો કરે છે કે આ વખતે મને સાંસદ બનાવો એટલે બ્રોડગેજ રેલ્વે સુવિધા મળશે અને છેલ્લા ૩ ચૂંટણીમાં જિલ્લાની જનતાએ ભાજપનાં ઉમેદવાર અને તેમના આગેવાનોનાં વચન પર વિશ્વાસ મુકીને ભાજપનાં ઉમેદવારને સાંસદ બનાવ્યા છતાં પણ બ્રોડગેજ રેલ્વેની સુવિધા ન મળી તે ન મળી.

છેલ્લા થોડા દિવસોથી અમરેલીનાં જાગૃત નાગરિકએ "મિશન બ્રોડગેજ–અમરેલી" અંતર્ગત સત્તાધારી પક્ષનાં આગેવાનો અને સરકાર સુધી અવાજ પહોંચાડવા અવનવા આંદોલન કરવાની ફરજ પડી છે.

ગુજરાતમાં સૌરાષ્ટ્રને અને સૌરાષ્ટ્રમાં અમરેલીને હંમેશા અન્યાય થતો આવ્યો છે. અમરેલી જિલ્લાની જનતાએ જે આગેવાનોને નેતા બનાવ્યા તે નેતાઓ આજે અન્ય કાર્યોમાં વ્યસ્ત જોવા મળી રહ્યા હોય જનતાને મત બાદ હવે સ્વયંભુ આંદોલન કરવાના પણ દિવસો આવેલ છે.

### લાઠી–લીલીયા તાલુકાનાં

# ખેડૂતોએ લો–વોલ્ટેજનાં કારણે થતી પરેશાની અંગે દામનગર વીજતંત્રને આવેદનપત્ર પાઠવ્યું

**શાખપુર, પાંચ તલાવડા, નાના રાજકોટ, કણકોટ ગામનાં ખેડૂતોની રજુઆત**



અમરેલી તા. ૫

અમરેલી જિલ્લાનાં લીલીયા અને લાઠી તાલુકાના છેવાડાના ગામના ખેડુતોએ વિજળીના પ્રશ્ને દામનગર ખાતે આવેલ પીજીવીસીએલ કચેરીએ ઉગ્ર રજૂઆત કરી અને આવેદનપત્ર પાઠવ્યું હતું.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાનાં લીલીયા અને લાઠી તાલુકાના છેવાડાના ગામ શાખપુર, પાંચતલાવડા, નાના રાજકોટ, કણકોટ સહીત ગામના ખેડુતોએ લો–વોલ્ટેઝના કારણે પરેશાન થતી હોવાથી મોટી સંખ્યામાં ખેડૂતો એકઠા થઈ દામનગર પીજીવીસીએલ કચેરી ઉગ્ર રજૂઆત કરી હતી અને આવેદનપત્ર પાઠવ્યું હતું.

## શ્રાવણ માસનાં સોમવારે ચોખાની રંગોળી



સાવરકુંડલા મહુવા રોડ ઉપર આવેલ શ્રી કલ્યાણેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસનાં ત્રીજા સોમવારે ચોખાની રંગોળી કરવામાં આવી.

### અમરેલી જિલ્લા પોલીસ દ્વારા

# શિક્ષકદિન નિમિત્તે શાળા કોલેજની મુલાકાત કરી શિક્ષકોને શુભેચ્છા પાઠવી ઉજવણી કરી

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકર સિંહનાં માર્ગદર્શન હેઠળ અમરેલી ડિવિઝન નાયબ પોલીસ અધિક્ષક જગદીશસિંહ પી.ભંડારી, તથા સાવરકુંડલા ડીવીઝનનાં નાયબ પોલીસ અધિક્ષક એચ.બી.વોરાનાં સુપરવિઝન હેઠળ તમામ પોલીસ સ્ટેશન દ્વારા આજે ૫ મી સપ્ટેમ્બર શિક્ષક દિન નિમિતે સંબંધિત વિસ્તારમાં આવતી શાળા / કોલેજની મુલાકાત લેવામાં આવી હતી. અને શાળા/કોલેજના શિક્ષકોને આજનાં દિવસે મળી શિક્ષક દિનની શુભકામનાં આપી તેમની



કામગીરીને બિરદાવવામાં આવેલ હતી.

### અમરેલી હઠીલા હનુમાનજીનાં મંદિર પાસે આવેલ

# મોબાઈલની દુકાનમાંથી બીલ વગરનાં ૨૫ મોબાઈલ ફોન સાથે એક ઈસમને પકડી પાડતી અમરેલી એસ.ઓ.જી. ટીમ

**રૂા. ૧.૯૪ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ કરી કાર્યવાહી**

અમરેલી, તા. ૫

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જિલ્લામાં ગેરકાયદેસર રીતે વેંચાણ થતા મોબાઈલ ફોન તથા ગેરકાયદેસરની પ્રવૃતિ અટકાવવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અનુસંધાને એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર એસ.જી.દેસાઈ દ્વારા અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર મોબાઈલ ફોન જરૂરી આધાર–પુરાવા કે બીલ વગરનાં વેંચાણ કરતા ઈસમોને ઝડપી પાડવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે એસ.ઓ.જી.પોલીસ સબ ઈન્સ્પેકટર કે.ડી.હડીયા તથા એન.બી.ભટ્ટ તથા એસ.ઓ.જી.ટીમ અમરેલી સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે હઠીલા હનુમાનજી મંદિર પાસે કાબરીયા ચોકમાં 'અનસ મોબાઈલ' નામની મોબાઈલની દુકાને બિલ વગરના મોબાઈલનું વેચાણ કરે છે.



તેવી ચોક્કસ અને આધાભૂત બાતમી હકિકત અન્વયે સદરહું જગ્યાએ રેઈડ કરતા અનસ અશરફભાઈ ઘીવાલા રહે. ટાવર પાસે, રામભરોસે ગેસ્ટહાઉસ વાળી ગલીમાં અમરેલી વાળા ઈસમને બિલ વગરના અલગ–અલગ કંપનીનાં એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ–૨૫, કિંમત રૂપિયા ૧,૯૩,૮૦૦ નાં મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

### ધારી ટાઉનમાં જાહેરમાં

# જુગાર રમતા છ ઈસમોને ઝડપી પાડતી ધારી પોલીસ સ્ટેશન ટીમ

**રોકડ રકમ રૂા. ૧૭૬૦૦ની મત્તા કબ્જે લીધી**



અમરેલી, તા. ૫

અમરેલી પોલીસ અધિક્ષક હિંમકરસિંહે તથા ના.પો.અધિકારી એચ.બી. વોરા દ્વારા જીલ્લામાંથી જુગાર રમતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરી કાર્યવાહી કરવા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય ધારી

અનુસંધાન પાના ૬ ઉપર


નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી–સ્પેશિયાલિટી હોસ્પિટલ
NCT (ગોળ હોસ્પિટલ) કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી.
અમરેલીની સૌથી આધુનિક ICU ધરાવતી હોસ્પિટલમાં 24X7 ઈમરજન્સીમાં ફિઝિશિયન હવે રેગ્યુલર મળશે
Dr. Jagruti Chandpa (M.D. Medicine)
■ હૃદયના એટેકની સારવાર.
■ તમામ પ્રકારની ઝેરી દવા, વીંછી, સર્પદંશ તથા કોઈપણ પ્રકારના પોઈઝનને લગતી ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ.
■ ફેફસાના રોગો, કિડનીના રોગો, લીવરના રોગો, પક્ષઘાત, થાઈરોઈડ, ડાયાબિટીસ, બી.પી., બધા પ્રકારના વા તથા બધા પ્રકારના તાવની સારવાર ઉપલબ્ધ.
■ દમ, ટીબી, ખેંચ, આચકીની સારવાર ઉપલબ્ધ.



ડૉ. જાગૃતિ ચાંડપા
(એમ.ડી. મેડિસીન)
કન્સલ્ટન્ટ ફિઝિશિયન એન્ડ ઈન્ટેન્સિવીસ્ટ
99789 66629 / 99045 93355
ઉપલબ્ધ સુવિધાઓ :
અતિ આધુનિક સુવિધા યુકત આઈ.સી.યુ. તથા વેન્ટિલેટરની સુવિધા/ઈ.સી.જી. તથા મલ્ટીપેરા મોનિટર/એકસ રે/મેડિકલ/લેબોરેટરી/એમ્બ્યુલન્સની સુવિધા.

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
તકો તો સૌ કોઈ માટે સરખી જ હોય છે
તફાવત ફક્ત એટલો જ છે કે ........
સફળ વ્યક્તિઓ પરિણામ આપે છે.
જયારે નિષ્ફળ વ્યક્તિઓ
કારણ જ આપે છે.
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

Krishna DINING HALL



ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮ સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)